એપ્રીલ-1998

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૫૬૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.


## લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રીરામકૃષ્ણદેવના સાન્નિધ્યમાં | શ્રી યશસ્વીભાઇ પ. મહેતા | ૧૧ |
| ભાગવતી તનુનું ભક્તોના હિતાર્થે વિચરણ | રાજુ યાત્રી, ન્યુજર્સી | ૧૬ |
| મૃત્યુનો મંગલ અનુભવ | પરમાર્થી | ૨૩ |
| શ્રી શ્રી માની યુવાન પેઢીને શીખ | જ્યોત્સ્નાબેન ત્રિવેદી | ૨૮ |
| માનવ–જન્મ | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૩૧ |
| પ્રાર્થના | સ્વામી પરમાનંદ | ૩૨ |
| જીવનનું ધ્યેય | યોગેશ્વરજી | ૩૫ |
| દૈવીસંપત્તિની સાકારમૂર્તિ મા સર્વેશ્વરી | ધીરજબેન નાણાવટી | ૪૦ |
| અડિયાર નદીના યોગીનો મેળાપ | યોગેશ્વર | ૫૦ |
| રામકૃષ્ણ પરમહંસની આધ્યાત્મિક દૃષ્ટિ વિચારણા–(૩) | ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ) | ૫૬ |
| રામકથા | યોગેશ્વર | ૬૧ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

–મા સર્વેશ્વરી

વર્ષ : ૧૯ એપ્રિલ–૧૯૯૮ અંક : ૭


## શ્રી યોગેશ્વર કથામૃત

**મા સર્વેશ્વરી**

**તા. ૩૧–૫–૮૧, રવિવાર, વૈશાખ વદ તેરસ, ૨૦૩૭**

**સ્થળ : ૨ નરસિંહનગર, નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ.**

નિયમિત લેખનમાં આજે પૂ. શ્રીને ૧૧ વાગી ગયા, તેનો ખ્યાલ જ ન રહ્યો. ૧૧ પછી થોડો આરામ માળા લઇને કર્યો. સાડા અગિયારે ખીચડી છાસનું ભોજન લઇ બે કેરી લે છે.

બાર વાગ્યે મુલાકાતીઓ આવી ગયા છે. સવારે સામાન્ય રીતે ઘરનાં જ હોય છે. સૌ શાંતિથી બેઠાં છે. શ્રી રમણીકલાલ શાહ (ચશ્માવાળા) આજે પૂ. શ્રીના દર્શને આવ્યા છે. તેઓ સામાન્ય વાતો કરે છે. વળી સૌ શાંત બેઠા છે. એટલે પૂ. શ્રી કહે છે.

…મબેન ભજન ગાઓ.

પણ ભજન મોઢે નથી, એટલે કુસુમબેન પૂ. શ્રીને કહે છે. ભજનને બદલે એક પ્રશ્ન પૂછું?

**પૂ. શ્રી :** પ્રશ્ન સાંજે પૂછજો.

**કુસુમબેન :** સાંજે પૂછવાનો સંકોચ થાય.

**પૂ. શ્રી :** એવો તો કોઇ પ્રશ્ન નથી ને કે જે પૂછતા સંકોચ થાય?

**કુસુમબેન :** ના, એવો તો નથી.

**પૂ. શ્રી :** ચાલો, પૂછો ત્યારે.

**કુસુમબેન :** ભગવાન દત્તાત્રેયને કેમ ત્રણ મોઢાં? તમને જે દર્શન થયેલાં તે ત્રણ મોઢાનાં હતાં?

**પૂ. શ્રી :** મને તો એવું ન ફાવે. એક જ મોઢાનાં દર્શન થયેલાં. આજે ખાચડીની તપેલી તમે ઉપર લાવ્યાં તો તે ૧ ને પણ થઇ રહે એટલી ન હતી, તો ત્રણ મોઢાં હોય તો? (સૌ હસે છે.)

અરે, સવારે દરરોજ ત્રણ ત્રણ બ્રશ આપવાં પડે. અને લગ્નમાં જો ત્રણ માથાવાળા હોય તો ત્રણ ટોપી કે ત્રણ ફેંટા બાંધવા પડે.

મૂળ વેદ ત્રણ જ. એ ત્રણ વેદના જાણકાર એ દર્શાવવા ચિત્રકારો એ રીતે દોરે. શાસ્ત્રોમાં એક જ માથાનું વર્ણન છે.

અરે, ત્રણ માથાં ઘરોમાં ઉપયોગી થાય ખરાં, પણ તે જરૂર પ્રમાણે પહેરાય ને કઢાય તેવાં હોય તો.

ત્રણ મોઢાની હજામત કરવી પડે. ત્રણ ત્રણ રેઝર સાથે ત્રણ ત્રણ પર સાબુ ઘસવા પડે.



અરે, ત્રણ મોઢાંને ચશમાં જો આવ્યાં તો ત્રણ ચશ્મા પહેરવાં પડે. રમણીકભાઇને સારું પડે (ચશ્માનું વેચાણ સારું થાય.)

આખોયે ઉત્તર પૂ. શ્રીએ રમૂજીશૈલીમાં જ આપ્યો, તેથી સૌએ પૂ. શ્રીના હાસ્યરસિક સ્વભાવનું દર્શન કરી આનંદ લૂંટયો.

ત્યારબાદ શ્રી કુસુમબેનને પૂ. શ્રી પૂછે છે, તમે આખો દિવસ શું શું કામ કરો છો? પ્રભુનું કેટલું કામ કરો છો? એના ઉત્તરમાં કુસુમબેને સવારથી રાતસુધી શું શું કામ કરે છે, તે કહી બતાવ્યું.

થોડી શિબિરની વાત પછી વંદનાને પૂ. શ્રી ભજન ગાવાનું સૂચન કરે છે. વંદના નીચે મુજબની ધૂન બોલાવે છે.

" 'જય યોગેશ્વર' 'જય યોગેશ્વર' 'જય યોગેશ્વર' મારા દેવ."

વળી રંજનબેન એક ભજન ગાય છે.

"પ્રેમ જોગીડા ઝોળી લઇને જોગણ હું બની જાઉં,
મારે સામે કિનારે જાઉં,"

ભજન બાદ સમય થતાં સૌ વિદાય થયા.

પૂ. શ્રી થોડું લેખનકાર્ય કરી આરામ કરે છે. વળી સાંજે ૧ કલાક ફરી લેખનકાર્ય કરે છે. છ ને દસ મિનિટે પૂ. શ્રી લેખન-કાર્યનું કાર્ય બંધ કરી, સ્નાન કરીને થોડા આંટા મારે છે. ત્યાં તો ૬:૩૦ થઇ ગયા.

મુલાકાતીઓ માટે દ્વાર ખુલી ગયાં.

પ્રશ્નોત્તરી શરૂ થઇ.

આજે એક ભાઇ પ્રશ્ન પૂછે છે.

**પ્રશ્ન :** લોકો લાંચ લે છે, તેની પાછળ મોંઘવારી છે?

**પ્રશ્ન :** રાજકારણની દૃષ્ટિએ ભારતમાં આવું ક્યાં સુધી ચાલશે?

**પ્રશ્ન :** આપ આપની પ્રાર્થનાથી તેમાં સુધારો કરી શકો કે કેમ?

**પ્રશ્ન :** સ્ત્રીઓ સામાન્ય રીતે વધારે ધાર્મિક હોય છે. તેમને જ ઘણીવાર માતા આવે છે. ત્યારે તેમને કયું સ્વરૂપદર્શન થતું હશે?

**પૂ. શ્રી :** સ્વરૂપ ન પણ દેખાય, પવન જેમ આવે ને જાય તેમ આવેશ આવે ને જાય. કોઇક ઠેકાણે તે સાચું હોય, કેટલેક ઠેકાણે ઢોંગ કે લાંબી પ્રેક્ટીશ પછી એ બધી પ્રવૃત્તિઓ ચાલતી હોય છે.

અમે એવા એક હનુમાનજીના આવેશવાળા ભાઇને નાસિકમાં જોયેલા.

(એમ કહી તેના ઢોંગની પૂ. શ્રી વાત કરે છે. પછી તેમને સુધરવાની વાતો પણ કરી હતી એમ પૂ. શ્રી જણાવે છે.)

**પ્રશ્ન :** આપનું કપાળ ને ચહેરો વર્ષોથી એક સરખો ચળકતો ને કપાળ તેજસ્વી લાગે, તેની પાછળ હિમાલયનું તપ હોઈ શકે?

**પૂ. શ્રી :** એક વાત તો એ કે જે કોઇનું બગાડતો નથી, તે સ્વાભાવિક રીતે હંમેશા પ્રસન્ન જ રહે. તેથી તેનો ચહેરો બગડતો નથી.

બીજી વાત એ કે જે પોતે હંમેશાં જાગ્રત રહીને આત્મ-નિરીક્ષણ કરીને જીવન જીવતો હોય, તેનું અંતર નિશ્ચિંતતા અનુભવતું હોય.

વળી જેણે પોતાના શરીરની કે મનની શક્તિને વેડફી ન



કાઢતાં સાત્ત્વિક રીતે જાળવી હોય, એકાંતસેવન કરી જે સંગ-દોષથી મુક્ત બન્યો હોય, તેનામાં સત્વ, ખમીર ને આત્મિક શાંતિ આવે છે.

કોઇ પણ પ્રકારનો સ્વાર્થ જેને નથી, કોઇ પણ પ્રકારની વાસના જેને નથી, તેને શાંતિ આપોઆપ મળે છે, પછી તે હિમાલયમાં રહેતો હોય કે ગમે ત્યાં રહેતો હોય. તેને નિર્દોષતા, નિર્વિકારીતા, પ્રસન્નતા તેમ જ શાંતિ મળે.

આરોગ્ય સારું હોય તોપણ એવું બની શકે. એટલે આંતરિક પ્રસન્નતા માનવને શાંતિ આપે.

માતાજી પહેલીવાર મારી પાસે હિમાલયમાં રહેવા આવ્યાં ત્યારે શરીર એમનું કાળુ મેશ જેવું હતું. ચિંતા, ઉપાધિ, ગરીબી ને હું હિમાલય ગયો તેની ફીકર. પણ મારી પાસે આવ્યાં એટલે ચિંતા ગઇ, ઉપાધિ ટળી, ભય નહીં. રાહત થઇ ગઇ. શાંતિ મળી તો તેની અસર શરીર પર થવા માંડી.

તેમનું શરીર હમણાં તો કેટલું સશક્ત ને ઉજળું થયું હતું! પ્રભુનું શરણ લે, વિશ્વાસ રાખે, સાત્ત્વિક જીવન જીવો તો અંદરથી પ્રસન્નતા આવે છે.

તમારું આખું કલેવર સાત્ત્વિક થઇ જાય. જો તમારું હૃદય સાત્ત્વિક ને પ્રેમમય હશે તો. તમારી વાણી, તમારી આંખ તમારું વર્તનપણ, પ્રેમમય થશે. મનની અસર આખાય શરીર પર થાય છે.

જુઓને, હજુ તો દોઢ જ વર્ષ થયું છે. મા સર્વેશ્વરીના ચહેરાને જોયા કરજો.

આપણા ફૂલો કરમાતાં જાય છે. કારણ વાતાવરણ વિપરિત હોય છે.

પ્રશ્ન : ગાયત્રીને પાંચ મુખ શા માટે હોય છે?

પૂ. શ્રી : શાસ્ત્રોમાં તો ગાયત્રી ચાર મુખવાળાં છે, એમ કહ્યું છે. ચારવેદમાં પારંગત, જેથી ચતુર્મુખ.

કલ્પના પ્રમાણે ચિત્રો તૈયાર થાય છે. તેની પાછળ ભાવાર્થ રહેલો છે. પાંચ પ્રકારના ભાવો તેમાં રહેલા છે.

તમારાં જ મોઢા કેટલીવાર બદલાય છે. વિચાર કરો. તમે અહીં બેઠા છો એટલે મુખ પર મલકાટનો ભાવ છે. વળી ઉતરીને અંહીથી જશો એટલે ઘરે જવાની ઉતાવળનો ભાવ હશે, વળી ઘરે છોકરાંઓ તોફાને ચઢે ને તમારા હાથમાં વેલણ હશે તો રણ-ચંડીનો ભાવ.

વળી ધ્યાન કે પ્રાર્થનામાં બેસો તો શાંતિનો ભાવ.

ત્યાં વળી પેલા મૌની વૃદ્ધપુરુષ સૂર્યાસ્ત પછી મૌન પુરુ થતાં તેમની થોડી વાતો પૂ. શ્રી સાંભળે છે. સૌને એમની વાતોમાં ગમ્મત પડે છે.

વળી એકાદ પ્રશ્ન પૂછાય છે.

સમય થતાં પૂ. શ્રી સર્વેશ્વરીને સ્તુતિ કે ભજન ગાવાનું કહે છે. શ્રી રામકૃષ્ણદેવની સ્તુતિ બોલવામાં આવે છે.

સૌ પ્રણામ કરી પ્રસાદ લઈ છૂટા પડે છે.

પૂ. શ્રી આજે કેરી, દૂધ ને બટાકાવડા ભોજનમાં લે છે.

ત્યારબાદ આબુ જવા માટે પૂ. શ્રી પોતાના કપડાં એક નાનકડી થેલીમાં લેવા વિચારે છે. ત્યાં સર્વેશ્વરી એક કાળી બેગ આપે છે, જેમાં પૂ. શ્રી પોતાના કપડાં ગોઠવે છે. ત્યાર બાદ આરામ કરે છે.



સતત લેખનકાર્યથી હાથને આરામ જરૂરી બન્યો છે. જેથી રાતનું લેખન પૂ. શ્રી આજે બંધ રાખે છે.

સર્વેશ્વરી મુલાકાત ખંડમાં ડાયરીની નોંધ લેખન કરીને આરામ કરે છે.

**તા. ૧-૬-૮૧, સોમવાર, વૈશાખ વદ ચૌદસ, ૨૦૩૭**

નિયમિત ક્રમ હોય છે. એમાં દરરોજ એક જ ક્રમ નોંધવાનું કામ થોડું આળસે ચઢયું.

સમયસર ૧૧:૩૦ મુલાકાત થઈ, પણ એમાં મૌની પુરુષ શ્રી કાંતિલાલ મહેતા આવ્યા તેની સાથે જ થોડી વાતો થઈ, ત્યાં તો સમય થઈ ગયો. વચ્ચે વળી મોરબીથી તાર આવ્યો તે વંચાયો. સમય થતાં સૌ વિદાય થયા.

પૂ. શ્રીએ આરામ કરતાં પહેલાં લેખનકાર્ય કર્યું. વચ્ચે થોડો આરામ કરી, સ્નાન કરી આજે મણિનગર જવાનું હોવાથી, તૈયાર થયા.

મણિનગર નારણપુરાના ઉતારાથી ઘણું દૂર, રીક્ષામાં ૦॥ કલાક થાય પણ તે પૂ. શ્રીના બેનનું ઘર છે. વરસો સુધી પૂ. શ્રી ત્યાં જ ઉતરતા, બે વર્ષથી પૂ. શ્રી અમદાવાદમાં બીજે ઉતરે છે. પૂ. શ્રીના બેનનું નામ તારાબેન છે. સંસારના નિકટના સ્વજનમાં પૂ. શ્રીનાં માતાજીના ગયા પછી ફક્ત આ એક બેન જ છે. તે બેન પૂ. શ્રીથી નાનાં છે. તારાબેનનો આગ્રહ હતો, જેથી મણિનગર સાંજે જવાનું બન્યું.

પૂ. શ્રીનાં બેનને ઘેર કોઈ સત્સંગની વાતો ખાસ થતી નથી. સામાન્ય વાતો થાય છે. ધર્મના સંસ્કારોનું ધૂંધળું દર્શન અહીં થાય છે, અને પૂ. શ્રીનું આટલું વિશાળ આદર્શ તપશ્ચર્યાયુક્ત ત્યાગી

જીવન, છતાં એ ઘરનાં સૌ સાંસારિક સંબંધથી જ સંબોધે, ત્યારે માતાજીનો વ્યવહાર જુદો જ હતો. તેઓ હંમેશાં પૂ. શ્રીને મહાત્માજી કહીને જ સંબોધે ને વ્યવહાર પણ તેઓનો પૂ. શ્રી સાથે એક મહાત્મા તરીકેનો જ, અમે જોયો હતો. પોતાના સંસ્કારો ને ભૂમિકા પ્રમાણે સૌ એકમેકને જોતાં હોય છે. જો કે મણિનગરમાં પૂ. શ્રીને સૌ નમસ્કાર કરે છે. અલગ આસન પણ હોય છે.

રાત્રે ૯ પછી ફરી સર્વેશ્વરી સાથે પૂ. શ્રી નારણપુરા આવી જાય છે. નારણપુરાના ઉતારા ઉપર ચઢતા પૂ. શ્રી ઘરના સૌ સાથે થોડી વાતો કરે છે.

ઉપર આવી પૂ. શ્રી દૂધ લે છે. ત્યારબાદ રામાયણ લેખન કરી આરામ કરે છે. હરિઃ ૐ

(ક્રમશઃ)

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫૦૦૭

ફોન : ૬૬૮૨૩૧



# શ્રી રામકૃષ્ણદેવના સાન્નિધ્યમાં

યશસ્વીભાઇ ય. મહેતા

શ્રી રામકૃષ્ણદેવના જીવનમાં સ્ત્રીશક્તિએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. તેમના પ્રથમ સ્ત્રીગુરુ ભૈરવી બ્રાહ્મણીએ તેમને તંત્રોની સાધના કરાવી હતી. શિષ્યભાવે તેમણે તે ગ્રહણ કરીને સાધના અને અભ્યાસ પણ, પરંતુ સ્ત્રીગુરુ તેમના શિષ્યની ટૂંક સમયમાં જ સિદ્ધિ પ્રાપ્ત થતી જોઇ અચંબામાં પડી ગયાં હતાં. એક જ સાધના સિદ્ધ કરતાં જન્મારા વિતી જાય ત્યાં એ થોડા દિવસોમાં જ સિદ્ધ કરી લેતા હતા. આ જોયા પછી તેમણે રામ-કૃષ્ણના શરીર અને મનનાં લક્ષણો, ચિહ્નો, ભાષા, વ્યવહાર વગેરેનું બારિકીથી અવલોકન કરીને એ નિર્ણય ઉપર આવ્યાં કે ગદાધરના રૂપમાં અવશ્ય વિષ્ણુ પોતે જ લીલા કરી રહ્યા છે. અને તેઓ માનવજાતના ઉદ્ધારકાર્ય માટે જ પૃથ્વી ઉપર આવ્યા છે.

તેમના જીવનની નાનામાં નાની ઘટનાઓ તેના ઊંડા મહત્ત્વ-નો જ સંકેત કરે છે. જેમ કે તેમણે ગરીબ પવિત્ર બ્રાહ્મણને ત્યાં ઝૂંપડામાં, એક ગામડામાં જન્મ લીધો છે. તે ગામડાં જ દેશમાં સૌથી વધુ મહત્ત્વનાં છે ને તેની અવગણના થઇ રહી છે તે તરફ અંગુલિનિર્દેશ કરે છે. તેમણે ચીલાચાલુ શિક્ષણ લેવાની ના પાડી. એટલે શિક્ષણમાં આમૂલ પરિવર્તન લાવવું જ પડશે તેનો નિર્દેશ કરે છે. અસ્તુ.

હવે ભૈરવી બ્રાહ્મણીએ પુનઃ બધા વૈષ્ણવધર્મના ગ્રંથોનું અવગાહન કર્યું ને હિંમતપૂર્વક તેઓ જે કાલી મંદિર(દક્ષિણેશ્વર)ના

જમીનદાર મથુરબાબુ હતા તેમને કહ્યું કે, તમે જેને સામાન્ય કાલીમાનો પૂજારી સમજો છો, એ તો છદ્મવેષે આવેલા સ્વયં ભગવાન વિષ્ણુ છે. એમના મનમાં શંકા જાગી કે આવું તે કંઇ બને? પરંતુ તે પછી એક સાંજે તેઓ દક્ષિણેશ્વર મંદિરમાં પોતાના ઉતારામાં આરામથી હુક્કો પી રહ્યા હતા. ત્યાં સામે રામકૃષ્ણ પોતાના ઓરડાની ઓશરીમાં આંટા મારી રહ્યા છે એમ તેમણે જોયું. આ પછી થોડી જ ક્ષણોમાં તેમણે પોતાની ઊઘાડી આંખોથી જોયું કે એક દિશામાં રામકૃષ્ણ જાય છે ત્યારે તેની જગ્યાએ મા કાલી દેખાય છે ને બીજી દિશામાં ફરે ત્યારે સાક્ષાત્ ભગવાન શિવનાં દર્શન થાય છે. હેરત પામી ગયેલા મથુરબાબુના હોંશકોશ ઊડી ગયા. અને બધું પડતું મૂકી, દોડતા જઇ તેમના ચરણોમાં સાષ્ટાંગ પ્રણામ કરી પગ પકડી લીધા. આનંદના માર્યા તેઓના આંખમાંથી ચોધાર આંસુઓ ચાલ્યાં જતાં હતાં.

શ્રી રામકૃષ્ણ બોલ્યા : અરે મથુર, તું આ શું કરી રહ્યો છે? મંદિરના કર્મચારીઓ જોઇ જશે તો શું કહેશે. ક્યાં એક સામાન્ય પૂજારી હું ને ક્યાં તું મોટી જમીનજાગીરનો માલિક? એ બધાં ખાનગીમાં તારી હાંસી જ ઊડાવશે. મથુરબાબુએ કહ્યું : જેને જે બોલવું હોય તે બોલવા દો. મને તેની કોઇ પરવા નથી. આ પછી ભૈરવી બ્રાહ્મણીનું વિધાન તેમણે સ્વીકાર્યું અને તે વખતના ખ્યાતનામ પંડિતોની સભા બોલાવી ને તેમને ભૈરવી બ્રાહ્મણીનું વિધાન સાચું છે કે કેમ તેની ચકાસણી કરવા જણાવ્યું. પાંચ વર્ષના નિર્દોષ બાળકની જેમ રામકૃષ્ણ પોતાના માનવસ્વરૂપમાં પારદર્શક સ્મિત કરીને આ મેળાવડાની મોજ માણી રહ્યા હતા. ભૈરવી બ્રાહ્મણીએ આ સમારંભનું અધ્યક્ષપદ સંભાળ્યું હતું અને સમગ્ર કાર્યવાહીનું સંચાલન કરતાં કરતાં પંડિતો સાથે શાસ્ત્રોના



આધાર ટાંકી બતાવ્યા હતા. જે રામ હતા જે કૃષ્ણ હતા તે આ ધરા પર પુનઃ પધાર્યા છે એટલે તે વખતથી તેઓને રામકૃષ્ણ ભગવન્—એ સંબોધન કરી બધા પંડિતોએ તેમને સાષ્ટાંગ પ્રણામ કર્યા પછી સંમેલન સમાપ્ત થયું હતું.

શ્રી શ્રી મા શારદામણિદેવી કહેતાં કે તેઓ પ્રેમમૂર્તિ, વિનય-મૂર્તિ ને આનંદમૂર્તિ હતા. મા ૧૮ મા વર્ષથી ૩૩ વર્ષ સુધી તેમના સાન્નિધ્યમાં રહ્યાં હતાં. તેમની વિનમ્રતાના દૃષ્ટાંતો કેટલીકવાર માએ ભક્તોને કહ્યાં હતાં. સામાન્ય રીતે ભોજનની થાળી લઇને ઠાકુરની ભત્રીજી લક્ષ્મીદીદી તેમના ખંડમાં મૂકી આવતી હતી. એક વાર તે હાજર ન હતાં એટલે મા તેમની થાળી લઇને ઓરડા-માં ગયાં. ઠાકુરનું પછેત હતું એટલે કોણ આવ્યું તે તેમણે જોયું ન હતું. તેઓ બોલ્યા કે જતી વખતે બારણું અટકાવતી જજે. મા બોલ્યાં : ભલે! માનો અવાજ સાંભળી તેઓ ચમકી ગયા ને બોલ્યા : “અરે, તમે આવ્યાં છો? મને એમ કે લક્ષ્મી છે. હું બોલ્યો તે મનમાં ન આણશો.” માને ઠાકુર હંમેશાં બે નામે એટલે કે ‘તમે’ એવું જ સંબોધન કરતા હતા. માનથી બોલાવતા હતા.

એક વાર ભર બપોરે તેમને કોઇ ભક્તને મળવા જવાનું મન થયું. તેઓ તૈયાર થઇને બહાર નીકળ્યા. તેમના જવાના રસ્તે વચ્ચે માનું નિવાસસ્થાન નોબતખાનું આવતું હતું. માએ તડમાંથી જોયું કે ઠાકુર બહાર જઇ રહ્યા છે. એટલે ધીમેથી તેમને સંભળાય તે રીતે બોલ્યા : અત્યારે સવારી ક્યાં જઇ રહી છે? ઠાકુર બોલ્યા : કલકત્તા (છ માઇલ દૂર) એક ભક્તને મળવા જવાનું મન થયું છે. મા બોલ્યાં : જી. પણ આ સમય કોઇને ત્યાં જવાનો છે? ઠાકુર એક પણ શબ્દ બોલ્યા વિના પોતાના ઓરડા-માં જઇને બેસી ગયા. વિચારવા લાગ્યા કે અહો, સંસારમાં સ્ત્રીનો

કેવો મોટો પ્રભાવ છે. મારે કોઇ પણ સાંસારિક સંબંધ નથી છતાં મારી ઉપર તેમનો આટલો પ્રભાવ! તો પછી જેઓ સાંસારિક સંબંધથી સ્ત્રીસાથે જોડાયેલા છે તેમની તો શું દશા થતી હશે?

ઠાકુરના મ્હોંમાંથી ભાગ્યે જ કોઇ કટુવચન કોઇ પણ વ્યક્તિ કે સંપ્રદાય સામે નીકળ્યું હતું. વામપંથી સંપ્રદાયના પુરસ્કર્તાની આ પંથની પ્રશંસા મૂંગા મ્હોંએ સાંભળી લીધા પછી તેમનો અભિપ્રાય માગતાં તેમણે કહ્યું. કોણ જાણે બાપુ! દરેક ઘરમાં પાછળ ગંદા 'વાડ' હોય છે. ત્યાંથી ય ઘરમાં જવાનું બારણું હોય છે. સ્વામી જ્ઞાનેશ્વરાનંદકૃત "Ramakrishna the man and the Power"માં (પાનું ૬૯) લખે છે : A Shocking Truth : "The Master Artist as shri Ramkrishna was, presented to the world through the character of Girish(Ghose) the astounding and shocking truth that spiritual Greatness does not always appear clothed in the conventional standard of morality and good conduct."

નીતિમત્તા અને સદાચારના પરંપરાગત ધોરણમાં હંમેશા આધ્યાત્મિક મહિમા વસ્ત્ર–આવૃત્ત હોય જ એવું જણાતું નથી. એવું આશ્ચર્યસભર અને આઘાતજનક સત્ય ગિરીશના ચરિત્રદ્વારા જગત સમક્ષ રજૂ કર્યું છે.

ગિરીશ વિષયલંપટ, વેશ્યાગામી, જુગારનો શોખીન, દારૂડિયો અને બીજા અનેક દુર્ગુણોનો ખજાનો હતો. છતાં તેના કાળા કરતુતોથી ભરેલા જીવન ફરતી એક રૌપ્યરેખા હતી. તે નાટકો મહાન ભક્ત ચરિત્રોનાં લખતો હતો! આવું એક નાટક "ભગ-



વાન ચૈતન્યદેવ"નું નાટક જોવા સામે ચાલીને ઠાકુર ગયા હતા ને આધુનિક વાલિયા જેવા આ ડાકુને ઠાકુરે, સિંહ તેના શિકારને ગળેથી પકડે ને તેનું નામનિશાન ન રહે તેવી રીતે સ્વાહા કરી જાય તેમ, ગળેથી જ પકડયો હતો અને આત્મસાત કરી, નારદે વાલિયામાંથી ઋષિ વાલ્મિકીનું સર્જન કર્યું તેમ ગિરીશ મારો ભૈરવ છે એવું પ્રમાણપત્ર આપી તેનું મહાન શક્તિશાળી સંતમાં રૂપાંતર કર્યું હતું. આજે તો તેના નામનો મહિમા ગાતું એક ભવ્ય ઉદ્યાન કલકત્તામાં ઊભું છે, અનેક પેઢીઓને નૂતન પ્રેરણાનાં પાન તે પાયા કરશે.

(ક્રમશઃ)

જેને એકવાર ભગવાનનું મહત્ત્વ જીવનમાં સમજાઇ ગયું છે, તે પોતાનો સમય અને શક્તિ, દુન્યવી પદાર્થોની પ્રાપ્તિ માટે કેવી રીતે વેડફી નાંખશે?–નહિ જ વેડફે.

યોગેશ્વરજી

ઓ. : ૨૨૩૫૯૮ ફે. : ૩૬૨૪૩૭
૨૩૪૦૧૬ ઘ. : ૪૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

ભાગવતી તનનું

# ભક્તોના હિતાર્થે વિચરણ–(૨)

(ગતાંકથી ચાલુ) રાજુયાત્રી, ન્યુજર્સી

બીજે દિવસે વેનકુવર અમે રાત્રે એક વાગ્યે પહોંચ્યા. રસ્તે સૌએ નાસ્તો કર્યો હોવાથી મોટા ભાગનાને જમવાનું ન હતું પણ મારા જેવા કોઇક અને બાળકોને તો ભૂખ લાગી. બધા તો સૂવાની તૈયારી કરવા લાગ્યા. પણ મા અન્નપૂર્ણાએ જે થોડાઘણા પણ હતા તેમનો પોકાર સાંભળ્યો અને પોતાના ભાથામાંથી રાતોરાત બે બાણ કાઢયાં. શ્રી જગદીપભાઇ તથા શ્રી નવનીતભાઇ રાત્રે બે વાગે 'સ્ટે એન સેવ' મોટલમાંથી ફોન થયા અને 'પીઝા'(આ દેશમાં ખૂબ ખવાતી અને શાકાહારી વાનગી)ના ઓર્ડર છૂટયા. 'પીઝા' આવી ગયા અને દરેક રૂમમાં ફોન કરીને તે ભાઇઓએ જાણ કરી કે જેને પીઝા ખાવા હોય તે આવીને લઇ જાવ! અને પછીના ત્રણ દિવસ પણ એડમન્ટનના યજમાન શ્રી વાસુદેવ-ભાઇ–પદ્માબેનના ઓળખીતાએ સૌ ભક્તોને પાકુ ભોજન જમાડયું. દેશ કે પરદેશમાં સામાન્ય રીતે દરેક જગ્યાએ યાત્રામાં આપણે ભોજનની વ્યવસ્થા તો કરતા જ હોઇએ છીએ. પણ સતત મુસાફરી–પરિભ્રમણ, સત્સંગ, જોવાલાયક સ્થળોની મુલાકાત આ બધાની સાથે સાથે રસભર્યું, સ્વાદિષ્ટ ભોજન એ પણ અન્નપૂર્ણાની કૃપા જ કહેવાય ને! જય હો મા અન્નપૂર્ણાનો જય હો!

પૂ. શ્રી માનું એક સ્વરૂપ તે ઉત્તમ આયોજક અને સંચાલક તરીકેનું. આમ તો ભારતની ઘણી શિબિરોમાં તથા ઓઅેનાની



શિબિરમાં પૂ. શ્રી માનું એ સ્વરૂપ બધાએ અનુભવેલું જ છે. તેવા જ સંચાલકના દર્શન યાત્રામાં પણ થયાં 'કેનમોર'ની પ્રશાંત રાત્રિ વિરામની મોટેલ–વ્યવસ્થામાં થોડીક અગવડ યાત્રીઓને પડી હતી, તેમાં કોઇનો વાંક ન હતો, કારણ યાત્રીઓની ગોઠવણ મોટલના સંચાલકે કરી હતી અને પ્રમાણમાં ઓરડાઓ થોડા નાના પણ હતા પૂ. શ્રી માને એ વાતની ખબર હતી. બીજે દિવસે પૂ. શ્રી મા વેનકુવર સૌથી પ્રથમ પહોંચી ગયાં અને સરોજબેન પાસે વ્યવસ્થિત લીસ્ટ તૈયાર કરાવી દીધું. અમે ત્યાં પહોંચ્યા તો શ્રી વિનોદભાઇ અને સરોજબેન હાથમાં લીસ્ટ સાથે તૈયાર જ ઊભાં હતાં. દરેકને રૂમનંબર આપી દીધા અને થોડીક જ મિનિટમાં તો સૌ પોતપોતાની રીતે ગોઠવાઇ પણ ગયા. સમય-સરની એ ગોઠવણી પૂ. શ્રી માએ કરી હતી. એક કુશળ વહીવટ-કર્તા અને આદર્શ સેનાપતિની જેમ સૌને દોરી રહ્યા હતા. તો વળી એન્ડમન્ટનમાં પણ ચાર દિવસના રોકાણ માટે સૌના ઊતારાનું લીસ્ટ પૂ. શ્રી માએ તૈયાર કરાવેલું, એટલું જ નહીં દરેક જણને લીસ્ટ આપવામાં આવ્યું હતું કે તમારી સાથે એ ઊતારા પર બીજું કોણ કોણ છે. હે મા દક્ષેશ્વરી, તમને કોટિ કોટિ પ્રણામ હો!

પૂ. શ્રી માનું એક વિશિષ્ટ સ્વરૂપ આ યાત્રામાં હતું. તે ઉત્સાહપ્રેરક બાળકોના ઉત્સાહને પૂ. શ્રી મા ખૂબ જ સારી રીતે પોષતાં. યાત્રાના દરેક જોવાલાયક સ્થળ વિષે પૂ. શ્રી માને માહિતી હતી. અને તેથી લગભગ દરેક સ્થાનની મુલાકાત પછી પૂ. શ્રી મા બાળકોને તે સ્થાન વિષે પૂછતાં અને શું જોયું? કેવું લાગ્યું? વિગેરે પ્રશ્નો પૂછી બાળકોમાં રસ લેતાં, તે ઉપરાંત 'સ્ટેનલીપાર્ક' અને 'બુશટાર્ટ ગાર્ડન' જેવા સ્થળોએ તથા વેનકુવરના 'વેક્સ મ્યુઝીયમ'માં અને એકવેરીયમમાં પૂ. શ્રી મા બાળકોની સાથે ફર્યા

પણ ખરાં તથા તેમને થતા આનંદમાં સહભાગી બન્યાં. આમ યુવાનો–બાળકોને પૂ. શ્રી મા પોતાની સતત નીકટ છે અને તેમના ઉત્સાહમાં વધારો કરે છે તેની પ્રતીતિ થયા વગર રહેતી નહિ. અમે પૂ. શ્રી મા સાથે 'કેવીલાના' નદી પરનો ઝૂલતો પૂલ (સસ્પેન્સન બ્રીજ) જોવા ગયા હતા. પૂ. શ્રી માની ગાડી થોડીવાર પછી આવી હતી. તે પહેલાં મોટાભાગના યાત્રીઓએ તે ઝૂલતા પૂલની મજા માણી લીધી હતી. પૂ. શ્રી માએ આવીને પૃચ્છા કરી કે કેવું લાગ્યું? ત્યારે કેટલાક બાળકોએ કહ્યું કે અમને તો બીક લાગી, એટલે અડધેથી પાછા આવ્યા. એટલે પૂ. શ્રી માએ તરત જ કહ્યું મા આવે તો કોને કોને સાથે આવવું છે? તરત જ બધા તૈયાર! જેને બીક લાગતી હતી તે પણ! કેવો અડગ વિશ્વાસ યુવાનો–બાળકો–યાત્રીઓમાં પૂ. શ્રી માએ ભરી દીધો છે. તેનું આ પ્રત્યક્ષ ઉદાહરણ છે. પૂ. શ્રી માએ ચાલવા માંડયું. તે ઝૂલતા પૂલ પર 'ૐ યોગેશ્વર રક્ષ મામ્' ' મા સર્વેશ્વરી પાહિ મામ્'ની ધૂન પણ સાથે ચાલુ કરવાની આજ્ઞા આપી. બાળગોપાલથી વિંટળાયેલું શ્વેત વસ્ત્રોમાં સજ્જ શ્યામલરૂપ જાણે કે કોઇ ગોપીના ઘરની માખણની માટલી ફોડવા જતું હોય તેવા ઉત્સાહ સાથે સંકીર્તન મસ્તીમાં પૂલ પર લગભગ દોડવા લાગ્યું. ભય–ડર–શરણ વગર! પૂલના બીજે છેડે પહોંચી પૂ. શ્રી માએ ઈશારાથી ગરબા ગાવા કહ્યું તો ત્યાં યાત્રીઓએ ગરબા પણ ગાયા અને ફરી એ જ મસ્તી સાથે પાછા આવી ગયાં. ક્ષણ માત્રામાં ડરપોકને નીડર બનાવી દેવાની આ કેવી કુશળ રીત છે. પૂ. શ્રી મા પાસે ઉત્સાહનો જાણે ધોધ! હે મા! અમારા જીવનની છેલ્લી ક્ષણ સુધી અને જન્મોજનમ પ્રભુ–પ્રેમ અને ઈશ્વરભક્તિ માટે આવો જ ઉત્સાહ આપજો.

પૂ. શ્રી માનું લક્ષ્મીસ્વરૂપ તો જાણે જ્યાં ને ત્યાં જોવા મળે



છે. શ્રી દક્ષેશભાઈની એક પંક્તિ પૂ. શ્રી મા માટે લખાયેલી છે તે યાદ આવે છે. તેમાં પૂ. શ્રી માને 'કર્ણને દાન દેનારા'–કહ્યા છે. પૂ. શ્રી મા પોતાની પાસે જે કાંઇ છે તે સઘળું છૂટે હાથે વહેંચે છે, લૂંટાવે છે. આપવાની બાબતમાં પૂ. શ્રી માનો જોટો જડે એમ નથી. સામે ઊભેલા બાળકને પછી તે પાંચ વર્ષનો હોય કે ૫૦ વર્ષનો. પૂ. શ્રી માને એમ થાય કે તેને શું આપી દઉં? આ યાત્રાની શરૂઆતથી જ પૂ. શ્રી માને એમ થતું કે બાળકોને કંઇક યાત્રાની યાદગીરીરૂપે આપવું છે અને સમગ્ર યાત્રા દરમિયાન પૂ. શ્રી મા તેવી કોઇ વસ્તુની શોધ કરાવતાં રહ્યાં. ઘણી જગ્યાએ તો પૂ. શ્રી મા સ્વયં ગીફ્ટ શોધમાં જતાં અને જોતાં. છેવટે પૂ. શ્રી માની ભાવના પૂર્ણ થઇ અને શ્રી જગદીપભાઇ તથા શ્રી નવનીતભાઇ બધા જ યાત્રીઓ માટે યાત્રાના સુંદર સ્થાન 'વેન-કુવર'ના ચિહ્નવાળા સુંદર ટી શર્ટ લઇ આવ્યા. યાત્રાની સમાપ્તિ પછી એડમન્ટનમાં તે સૌને ભેટ આપવામાં આવ્યાં. તો પછી યજમાનશ્રી પણ પૂ. શ્રી માના આ યજ્ઞમાં કેમ પાછળ રહી જાય? શ્રી વાસુદેવભાઇ તથા શ્રીપદ્માબેને યશોદા–કૃષ્ણનું સુંદર કોતરણીવાળું સ્વરૂપ અને સાથે મીઠાઇનો પ્રસાદ પણ બધા યાત્રીઓને વહેંચ્યો! અને અંતે તો આ લક્ષ્મીદેવીએ સૌને ચોંકાવી દે તેવી વાત કરી. યાત્રાના અંતે જ્યારે હિસાબ કરવામાં આવ્યો તો ઊઘરાવેલા પૈસા કરતા તેમાં ખર્ચો વધારે થયો હતો. આ ખર્ચો ૭૦ (સીત્તેર) યાત્રીઓ વચ્ચેનો હોવાથી વધારે પડતો તો ન જ હતો અને દરેક યાત્રી સહી શકે તેમ હતા. છતાં પણ સૌની પાસે તે ઊઘરાવવાની પૂ. શ્રી માએ અનુમતિ ન આપી અને પોતાના તરફથી તે ખર્ચ ઉમેરીને હિસાબ સરભર કરી દીધો. આજે જ્યારે ચારે બાજુ દાન પેટે ઊઘરાવીને પોતાના આશ્રમો–મંદિરોને

સજાવવામાં લોકો આ દેશમાં પડાપડી કરે છે. ત્યારે પોતાની પાસેના પૈસાથી યાત્રા કરાવતા સંત કેટલા? પૂ. શ્રી મા એક અને અદ્વિતીય છે. હે મા! અમે પણ શ્રી લક્ષ્મીનો આવો જ સદ્-ઉપયોગ કરીએ અને શુભલક્ષ્મીથી અનેકોની સેવા કરીએ. અમારી લક્ષ્મી ક્યારેય પૈસા કે ધનમાં ના ફેરવાઇ જાય તેવી કૃપા કરજો.

આ યાત્રાનું જમા પાસુ સમયસરની સૌ યાત્રીઓની હાજરી હતું. એ માટે દરેક યાત્રીઓને જેટલા પણ અભિનંદન આપીએ તેટલા ઓછા છે. નક્કી કરેલા સમય મુજબ નાનામાં નાના ધ્રુવથી માંડીને મોટામાં મોટા વડીલ પણ હાજર થઇ જતા. રાત્રે સૂવાનું ગમે તેટલું મોડું થયું હોય તોપણ સવારે સમયસર પ્રસ્થાન સ્થળ પર સૌ હાજર. આ સમયપાલનનું રહસ્ય પણ પૂ. શ્રી મા જ છે ને! કારણ આપણા સેનાપતિ જ સૌ પ્રથમ તૈયાર થઇ જતા. અને એમની સમયપાલનતા પામી ગયેલા દરેક યાત્રી પણ એમના જ પગલે ચાલતા. આપણા જીવનને ઉત્કૃષ્ટ બનાવવા દરેક ક્ષેત્રે નિયમિત બનાવવા પૂ. શ્રી મા કેટલી મહેનત કરે છે. જ્યારે આપણા વેરવિખેર જીવનને પૂ. શ્રી મા નિયમિતતાના નિશ્ચાના પાટા પર ચઢાવવાનો પ્રબળ પુરુષાર્થ આદરી રહ્યાં છે ત્યારે આપણી જવાબદારી પણ કેટલી વધી જાય છે!

હે મા! અમે યાત્રામાં હોઇએ કે ઘરમાં અમે ક્યાંયે પણ હોઇએ, કોઇની સાથે પણ હોઇએ, અમે અમારા પ્રિય પૂ. શ્રી માનું પ્રતિબિંબ બનીએ એવા આશીર્વાદ આપો.

યાત્રાના સમગ્ર પરિભ્રમણ દરમિયાન પૂ. શ્રી માને રચયિતાને વળી આ દેશ શું કે પરદેશ શું? સતત બાહ્યજગત સાથે સંપર્કમાં રહેતાં હોવા છતાં આત્મસ્થ એવા પૂ. શ્રી મા સ્થિર–અચલ–



અરૂપ! જાણે અખંડ સમાધિ. પૂ. શ્રી માને દેશ–પરદેશ, ઘર કે બહાર યાત્રા કે એકાંત મૌન ક્યાંયે ભેદ નથી. શ્રી પરમાર્થીની ઉક્તિઓ કેટલી સાચી છે.

"ભરતી ભાવની ચઢી અમાપ, અંતરે અનુભવે અજપાજાપ,
દેહભાવ ના રહ્યો લગીર, હરદમ આતમભાવે સ્થિર."

છતાં પણ આ મમતાળુ માવડી પોતાના બાળકોમાં પ્રભુપ્રેમનો સંચાર કરવા કેટલાં કષ્ટ સહી રહી છે. તે પણ કોઇ જાતના ભારવિના, દેખાડાવિના, જાહેરાતવિના, એક માત્ર જનકલ્યાણ અને વિશ્વકલ્યાણ અર્થે જ પોતાના દેહને દળી રહી છે! તેવી કલ્યાણકારી માના શ્રી ચરણોમાં કોટિ કોટિ પ્રણામ!

અંતે આ યાત્રાના એક માત્ર યજમાન શ્રી વાસુદેવભાઇ તથા શ્રી પદ્માબેનને પણ યાદ કરવાં એ પણ સ્તુતિ જ છે! પૂ. શ્રી મા–પ્રભુની અપાર કૃપાના પ્રસાદ સ્વરૂપ સો ટચના સોના જેવા યજમાનો એ પૂ. શ્રી મા પ્રભુના ભક્તો માટે સૌથી મોટા આશીર્વાદ છે. ભારત અને પરદેશના મોટાભાગના યજમાનોનો પરિચય પૂ. શ્રી મા પ્રભુએ એમની કૃપાથી અમને કરાવ્યો છે. દરેકે દરેક યજમાનો પોતાની એક વિશિષ્ટ ભાત પાડે છે. સૌમાં પૂ. શ્રી મા–પ્રભુ માટે એક ઊંડો પ્રેમભાવ રહેલો છે. આ પ્રસંગે તે સૌને મારા વંદન. એવા જ એડમન્ટનના આ યજમાન અને તેમનાં બાળકો પણ. પૂ. શ્રી મા સાથે સુરતની હોસ્ટેલમાં કોલેજના સહાધ્યાયી શ્રી પદ્માબેન છે. એ પદ્માબેનનો ભાવ આજે તો ઘણો પુષ્ટ થયેલો છે. પૂ. શ્રી માના શ્રી ચરણોમાં બેસીને પૂ. શ્રી માની આજ્ઞામાં અને સેવામાં તેમ જ ભક્તોની આગતા–સ્વાગતામાં પોતાનો સઘળો સમય–આખું ઘર–વસ્તુઓ–સઘળું દસ દિવસ

માટે પૂ. શ્રી મા–પ્રભુમય બનાવી દીધું! એમના પતિ શ્રી વાસુદેવભાઇએ એક મૂકસેવક તરીકે આ સમગ્ર યાત્રાની મુસાફરીની, રહેવાની, ભોજનસામગ્રી તેમ જ સત્સંગની જવાબદારી ઊપાડી લીધી હતી. તો આવા સત્સંગપ્રિય માતા–પિતાના સંતાનો પણ એવા જ છે. શ્રી જીજ્ઞાબેન, શ્રી હેમલભાઇ તથા શ્રી નિમીષાબેન, શ્રી જીજ્ઞાબેન, સૌથી મોટા પુત્રીએ માતાને રસોડામાં સહાય કરી તો શ્રી હેમલભાઇ અને શ્રી નિમિષાબેને સઘળા યાત્રીઓને ઉતારા પર પહોંચાડવાની એડમન્ટન અને આજુબાજુના જોવાલાયક સ્થળોએ ફેરવવાની, તેમ જ સૌની સંભાળ રાખવાની ખૂબ જ અઘરી જવાબદારી સતત હસતા મોઢે અદા કરી. ખરેખર તે બંને યુવાનોએ સૌ યાત્રીઓનાં દિલ જીતી લીધાં. જેટલું અઘરું તેમનું કાર્ય હતું તેટલા જ તેઓ હળવા હતા. તેઓએ નાની–મોટી દરેક સેવા હસતે મોઢે કરી. ખરેખર પૂ. શ્રી મા–પ્રભુ તથા અન્ય થોડા યાત્રી સિવાય તેઓને મોટાભાગના યાત્રીઓનો પરિચય પણ ન હતો. છતાં પહેલા જ દિવસથી બધાની સાથે એવા ભળી ગયા જાણે કે વરસોની ઓળખાણ હોય. તેઓની સમજશક્તિને ધન્યવાદ છે. અને આ બધાની પાછળ તો પૂ. શ્રી મા–પ્રભુનો વરદ હસ્ત જ છે. એના બાળક બનીને એના ખોળે આવી રીતે સહુ રમ્યા કરીએ, એના જ થઇને રહીએ.

"સર્વેશ્વરી ચરણે શીશ મૂકી, કર પકડીને ભવ પાર કરું,
એ તો જનનીની પણ જનની છે, એનો બાળ બની અંકે ખેલું."

પૂ. શ્રી મા–પ્રભુને આ યાત્રાનો સહભાગી બનાવવા માટે આભાર માનું છું. યજમાનનો પણ આભાર. સહયાત્રીઓનો પણ આભાર. જય કૃપાળુ મા.



# મૃત્યુનો મંગલ અનુભવ

પરમાર્થી

અમેરિકામાં ફરતા ફરતા એક દિવસ જગ પ્રસિદ્ધ સામાયિક 'રિડર્સ ડાયજેસ્ટ'નો ઓગષ્ટ ૧૯૮૧ નો અંક હાથમાં આવી ગયો. તે સમયે તે જ વર્ષે ઓગષ્ટ માસમાં હું મારા ભાણેજ કે જેઓ ન્યુ મેકિસકો રાજ્યમાં રહે છે તેને ત્યાં રહેતો હતો. આ અંકમાં Life after death–a growing evidence નામનો લેખ વાંચી મારામાં અનન્ય પ્રકારની હિંમત આવી ગઇ હતી. તે લેખમાં એક સ્રીને ઓપરેશન થિયેટરમાં થયેલો અનોખો અનુભવ આલેખી સારી જેવી વૈજ્ઞાનિક ધોરણે ચર્ચા કરવામાં આવી છે. જે સ્રીનું ઓપરેશન કરવામાં આવી રહ્યું હતું તે સ્રીનું હૃદય ચાલુ ઓપરેશને બંધ પડી જાય છે ત્યારે તેને જે અનુભવ થાય છે તે સૌને હેરત પમાડે એવો છે. તે ધવલ ધુમ્મસના પ્રદેશમાં જાણે કે ઊર્ધ્વગમન કરવા લાગે છે. વચમાં ડર લાગે તેવો અંધારિયો પ્રદેશ તે પસાર કરે છે. પછી પ્રકાશના પ્રદેશમાં તેનો પ્રવેશ થાય છે. તેમાં તેને અનંત શાંતિનો અનુભવ થાય છે. ત્યાંથી પાછા ફરવાનું મન થતું નથી. તેને પ્રેમ ને શાંતિ તેની પોતાની આસપાસ ફરતા પ્રકાશમાંથી જ આવતી હોય તેવી અનુભૂતિ થતી હતી. તેથી તે પ્રકાશથી વિખૂટા પડવાની તેની જરા પણ ઇચ્છા થતી નહોતી. પરંતુ ત્યાં જ વિચાર સ્ફૂર્યો કે, "મને તો બે પુત્રો છે ને હું તો નોકરી પણ કરું છું." ફરીથી એકાએક તેનામાં સ્મૃતિ સળવળી ઊઠી અને તે ઓપરેશન ટેબલ પર ભાનમાં આવી હતી.

હૉસ્પિતાલનો રેકર્ડ કહે છે કે ડોક્ટરે તે સ્ત્રીના હૃદયને બંધ પડી જવાથી મસાજ કર્યા કીધું હતું અને તેમાં સફળતા મળતાં હૃદય ફરીથી ચાલુ થઇ ગયું હતું. આ સ્ત્રીને હૃદય બંધ પડી જાય છે તેની સ્મૃતિ રહે છે અને તે ક્યાં ક્યાં પ્રવાસ કરી આવી તેનો પણ તેને સંપૂર્ણ ખ્યાલ રહે છે. તે હકીકત વાંચી મેં અતિશય આનંદ અનુભવ્યો હતો.

ડૉ. ઇલિઝાબેથ કુબ્લર રોસ, ડૉ. હે મોન્ડ મુડિ, પ્રો. કેનેથરીંગ, ડૉ. સ્કુનમેકર, ડૉ. મિચેલ શેબોમ, ડૉ. બ્રુસ અને ડૉ. ઇઆન સ્ટીવન્સન જેવા જગ પ્રસિદ્ધ વૈજ્ઞાનિકો ને મનોવૈજ્ઞાનિકોના સંશોધનના તારતમ્યો ટાંકીને તે લેખમાં સિદ્ધ કરવામાં આવ્યું છે કે મરણ પછી જીવન રહે છે અને તેની સ્મૃતિ પણ યથાવત્ રહી શકે છે. ડૉ. મિચેલના મત પ્રમાણે ઘણા મનુષ્યોને મૃત્યુના આવા અનુભવો થતા હોય છે પણ તેઓ બીજાને ક્યાં તો ડરના કારણે કે ક્યાં તો સંકોચ તથા અનઆવડતને કારણે કહી શકતા નથી હોતા. લોકો સાંભળીને હસી નાંખશે તો? મારી ઠઠ્ઠા મશ્કરી કરશે તો? ભ્રાંતિ ગણીને મારી અવહેલના કરશે તો? મારી પ્રતિષ્ઠા ઝાંખી બનશે તો? આદિ અનેક પ્રકારના ભયોથી લોકો પીડાતા હોય છે. જો તેઓને પ્રેમપૂર્વક સાંભળવાની ટેવ કેળવવામાં આવે તો તેમાંથી વૈજ્ઞાનિક સંશોધનોને વેગ મળે એવી હકીકતો પ્રાપ્ત થઇ શકે અને આપણે આપણી જ્ઞાનની ક્ષિતિજને વિસ્તારી શકીએ તેમાં બે મત નહીં. આ પ્રકારની પ્રોત્સાહક સામગ્રી વાંચવામાં આવતાં જ મને બેશુદ્ધ અવસ્થામાં થયેલા અનુપમ અનુભવને સમજવાની નવી દૃષ્ટિ મળી. મૃત્યુનો મંગલ અનુભવ મને પણ થયેલો તે સંક્ષેપમાં જણાવું તો ડૉ. મિચેલના મત પ્રમાણે સૌને ઉપયોગી જરૂર થશે.



ઇ. સ. ૧૯૭૯ નું વર્ષ મારે માટે સીમાચિહ્ન જેવું બની ગયું છે. બિમારી લાંબી ચાલી એટલા માટે નહીં, પણ મંગલ અનુભવો અનેક થયા તે માટે. મારા શરીર પર તે વર્ષે કુલ ત્રણ મોટાં ઓપરેશનો થયેલાં. બીજું ઓપરેશન પણ સફળતાપૂર્વક થઇ ગયેલું. મને બીજે દિવસે રજા પણ આપવાના હતા. પરંતુ એકાએક મૂંઝવણનો અનુભવ થવા લાગ્યો હતો. શ્વાસોશ્વાસની ક્રિયા એકદમ ઝડપી બની જવા પામી હતી. ડોક્ટર મારી પાસે આવે તે પહેલાં તો હું સાવ બેભાન થઇ ગયો હતો. મારી સ્થિતિ ગંભીર બની જવા પામી હતી. શરીરમાં લોહીનું દબાણ પચાસ પણ બતાવતું નહોતું. હું બેભાન અવસ્થામાં પૂરા પાંચ દિવસ સુધી રહ્યો હતો. હૃદયના નિષ્ણાત ડોક્ટરોએ આશા છોડી દીધી હતી. તેમણે જાહેર કરી દીધેલું કે હવે જીવન તદ્દન થોડા સમય માટે છે. હાથપગની નાડી તો બંધ જ થઇ ગયેલી. હૃદય ઝડપથી ધબકતું અને થોડી સેકંડ સુધી બંધ પણ રહેતું. ધબકારા એટલા બધા ઝડપથી થતા હતા કે ડોક્ટરોએ જીવનની આશા સાવ છોડી દીધી હતી. તે કારણે સગાસંબંધીઓને બોલાવી લેવામાં આવ્યા હતા. પરંતુ તેવી ગંભીર સ્થિતિમાં પણ થયેલી અનુભૂતિની સ્મૃતિ મને કાયમ રહી છે, જે સૌને અને મને પણ અજાયબી પમાડે છે.

તે અભાન સ્થિતિમાં મને પાંચ દિવસ સુધી એક અનુભવ થયા કરતો હતો. થોડી થોડી વારે મારી આંખો પંદરેક સેકંડ જેટલા સમય માટે ખુલી જતી હતી. તે સમયે મને એક દૃશ્ય દેખાતું. તે દૃશ્ય સિવાય બીજું મને કંઇ દેખાતું નહીં. હું ક્યાં છું, મારી આજુબાજુ કોણ છે અને મને ડોક્ટર તપાસી રહ્યા છે એવું કાંઇ દેખાતું નહીં. શ્રીમદ્ભાગવતમાં લખ્યું છે તે અનુસાર મૃત્યુની અંતિમ વેળામાં કોઇક જીવને બધું જ સોનાનું દેખાય. મને બધું

જ સુવર્ણમય દેખાતું. સોનાનો અશોક સ્તંભ અને તેના પર યોગેશ્વરજી યોગારૂઢ થયેલા જણાય. તેઓ નીચે ઉતરે, મારી પાસે આવે, મારા માથા પર હાથ ફેરવી પાછા ઉપર ચાલ્યા જાય. પંદરેક સેકંડ પછી મારી આંખ મીંચાય જતી. ત્યારે મારા હોઠનો સાવ ધીમો ફફડાટ થતો સૌ કોઇ જોતું હતું. હાજર રહેલાને થતું કે આ કંઇક કહેવા માંગે છે. "મહાત્માજી અહીં જ છે" એવું હું ખરેખર બોલતો હતો. ખરેખર તે પ્રલાપ નહોતો. પણ કોઇ સમજી શકેલું નહીં.

આ વખતે પૂ. યોગેશ્વરજી રાજકોટ મુકામે પુરુષોત્તમદાસ ગાંધીની સંસ્થામાં વ્યાખ્યાનો આપતા હતા. સેવામાં મા સર્વેશ્વરી હતાં. મારી ગંભીર સ્થિતિનો હેવાલ તેમને કોઇએ પણ ફોનથી જણાવ્યો નહોતો. મારા પોતા સિવાય મહાત્માજી સાથે કોઇનો ગાઢ પરિચય નહોતો. એટલે પૂ. યોગેશ્વરજીને મારા વિષે કોઇએ જણાવ્યું નહોતું. છતાં મહાત્માજી પૂ. મા સર્વેશ્વરીને કહેતા કે ઈશ્વરભાઇની સ્થિતિ ગંભીર છે. જીવનની કોઇ શક્યતા જણાતી નથી. આવું પાંચ દિવસ સુધી ત્રણ ચાર વાર પૂ. માને જમાવતા અને કહેતા કે છતાં પણ ઈશ્વરભાઇ મારું જ સ્મરણ કર્યા કરે છે. પાંચમે દિવસે તેમણે પૂ. માને કહ્યું હતું કે હવે ઈશ્વરભાઇ કટોકટીમાંથી ઉગરી ગયા છે. ખરેખર ત્યારે જ મારું પ્રેશર એકસો દસ સુધી ઉપર ચઢયું હતું. હું હતો મરણ પથારી પર નવસારીમાં, જ્યારે પૂજ્યશ્રી હતા રાજકોટમાં!

પૂ. મા સર્વેશ્વરીને મહાત્માજીના વચનોથી જરા આશ્ચર્ય થયું હતું. તેમણે તરત જ પોષ્ટકાર્ડ લખ્યો. મને સૂચના આપી હતી કે પૂજ્ય યોગેશ્વરજી જેવા મહાપુરુષ તમારે માટે આવું કહે છે તો સાચી હકીકત શી છે તે તાત્કાલિક જણાવો. હું હજી ઇસ્પિતાલમાં



જ છું તેનો પૂ. માને ખ્યાલ નહોતો આવ્યો. મારી મોટી દીકરી પોષ્ટકાર્ડ લઇ નવસારી આવી ને તેણે જ વાંચી સંભળાવ્યો હતો. સાંભળીને મને થયેલી અનુભૂતિનો તાળો મળી ગયો એટલે મારા હૃદયમાં અપાર આનંદની ભરતી ઉમટી પડી હતી. પૂજ્યશ્રીએ જ મારી સંભાળ લીધી અને મને ફરીથી જીવન બક્ષ્યું હતું તેની ખાત્રી થઇ ચૂકી હતી. આંખોમાંથી આનંદના આંસુઓ વહેવા લાગ્યાં હતાં. સમર્થનો સ્નેહ મળે તો કોને આનંદ ન થાય? મને ચરણમાં પણ રાખ્યો ને શરણમાં પણ રાખ્યો તે શું નાની સરખી ઘટના ગણાય?

નિષ્ણાત ડોક્ટરો હારી ગયેલા તે તો સૌ સગાંવહાલાં કહે છે. ખુદ ઓપરેશન કરનાર ડોક્ટરે પણ મને કહેલું. નિરાશ થયેલા સૌને ફરીથી આશાવંત કરનાર કોણ? કયી શક્તિ? શું તે અકસ્માત જ ગણાય? શું તેમાં કોઇ તથ્ય જ નહીં? બંધ પડી જવાની તૈયારી કરતા હૃદયને કોણે ચલાવ્યું? વળી તેવી ગંભીર સ્થિતિમાં મને દેખાયેલું દૃશ્ય સાચું કે ખોટું? એ ગમે તે હોય, મને બનેલા બનાવની સ્મૃતિ રહી છે તે એક હકીકત છે. મારા હૃદયમાં પૂ. યોગેશ્વરજી માટે લોખંડી શ્રદ્ધા થઇ ગઇ અને મને થયેલા સુવર્ણમય અનુભવને કારણે શાસ્ત્રો પ્રત્યે પણ શ્રદ્ધા પાકી થઇ ગઇ! મને નવું જીવન મળ્યું ને નવું જ્ઞાન પ્રાપ્ત થયું તે લાભમાં!

# શ્રી શ્રી માની યુવાન પેઢીને શીખ

જ્યોત્સ્નાબેન ત્રિવેદી

હાલમાં શ્રી શ્રી માએ એક નવું અભિયાન ઉપાડયું છે. અને તે યુવાનો અને બાળકોને સચોટ માર્ગદર્શન આપવાનું. તેમને ઉપદેશ અને આધ્યાત્મિકતાની ભારેખમ વાતો કર્યા સિવાય અત્યારે તેમના વર્તમાન જીવનમાં તેમનું ઘડતર કરવાનું, તેમાંના તેમની કારકીર્દિમાં તેમાં સારામાં સારી રીતે ઉત્તમતા કેમ પ્રાપ્ત કરવી તેમાં પ્રભુની મદદ કેવી રીતે માંગવી અને પ્રભુની શરણાગતિથી કેવા સરસ પરિણામ મળે તેવી વાતો પણ સમજાવી.

કોઇ પણ રોગ થયો હોય તો તેમાંથી મુક્તિ મેળવવા દવાની સાથે સાથે પથ્ય કે પરેજી પણ પાળવી પડે છે.

દરેક યુવાનોમાં આ ઉંમરે વિજાતીય આકર્ષણ હોય છે. સાથે સાથે સજાતીય મિત્રોનું પણ એટલું જ આકર્ષણ રહે છે. એક આકર્ષણ અને સખ્યમાં સૌથી મોટો ભાગ ભજવતો હોય તો તે ટેલિફોન છે. ટેલિફોન માટે માએ સૂચન કર્યું. તળેલું ન ખાવું એટલે ટેલિફોન કરવા પણ નહીં અને લેવા પણ નહિ. તેમાં સમય, શક્તિ, પૈસા અને મન બધું જ બગડે છે. સારી વાતો થાય તો એના આનંદમાં પણ મન બગડે. અને ખરાબ થાય તો દુઃખમાં પણ મન બગડે.

એવું પણ જણાવ્યું કે તમારા માતાપિતાને એ રીતે આર્થિક રીતે મદદરૂપ થાવ. માનીલોકે તમે ગરીબ છો તમારી પાસે ટેલિફોન છે જ નહીં. એવું માનવાથી ગરીબ થઇ જવાવાનું નથી



પણ એક એવી ટેવ પાડવાથી જીવનમાં આગળ ઉપર પણ તે સહાયભૂત થાય.

* કેટલાંક પાત્રો તમને તમે સુંદર હોવ માટે મિત્રતા રાખતા હોય.

* કેટલાંક પાત્રો તમે પૈસાદાર હોવ માટે સંબંધ રાખતા હોય.

* કેટલાક તમે સારું ભણતા હોવ માટે મિત્રતા રાખતાં હોય.

* કેટલાકને તમારી વાતચીત કરવાની રીતભાત પસંદ હોય એટલે પરિચય રાખતા હોય, ને બધા જ સંબંધો ભણવામાં કે તમારા ચાલુ કાર્યમાં વિક્ષેપ પાડી શકે. કેવું નાની બાબતોનું પૂ. માનું નિરીક્ષણ અને તેનો સચોટ ઉપાય.

* ખાટું ન ખાવું. તેના સંદર્ભમાં જણાવ્યું કે પાર્ટીઓમાં ન જવું. ધીમે ધીમે વાવેલું બીજ ક્યારે વૃક્ષ થઇને પાંગરે તેની ખબર જ નથી પડતી. દૂષિત ખોરાક તમારું સ્વાસ્થ્ય બગાડે અને મન પણ બગાડે જ.

* ટી. વી. જોવું પણ ખરાબ સિરિયલો કે ખરાબ ચિત્રો ન જોવાં. મન પર પડેલાં એ દૃશ્યોની છાપ ભૂંસાતી નથી. વારે વારે યાદ આવ્યા જ કરે છે. જે આપણને અશુદ્ધ કરી જાય છે.

* મિત્રતા સારા પુસ્તકોની કરો; મિત્રતા પ્રભુની કરો; દરેક કાર્યમાં પ્રભુને સહભાગી બનાવો.

હે બાળયુવક મિત્રો ઊઠો, જાગો અને અભ્યાસમાં લાગી પડો. પૂ. માને ગમે તેવાં બાળકો બની શ્રેષ્ઠ કારકીર્દિના શિખરો સર કરો.

જપ અને ધ્યાનની એક ઠેકાણે બેસીને કરાતી સાધના માટે મહત્ત્વનાં ત્રણ આસન માનવામાં છે. તેમાં પદ્માસનનો પ્રસાર વધારે દેખાય છે. જેને એ આસન ન ફાવે તે સિદ્ધાસન, સ્વસ્તિકાસન કે પલાંઠી આસનમાં બેસીને સાધન–ભજન કરી શકે છે. તે માટે સાધકે શરીરને બેસવાની ટેવ સહુ પ્રથમ પાડવી પડશે.

યોગેશ્વરજી


સૌજન્ય :

**YOGA & TOTAL HEALTH CENTRE**

**ડો. હિમાંશુ પાઠક,**
**શ્રી હેમીના પાઠક.**

"નિરાંત"
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત–૩૯૫૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩




## * માનવ–જન્મ *

તેં મને જન્મ દિધો માનવનો.
દીધો કેમ નહીં વાનરનો? તેં મને૦

પ્રભુજી! આ ફરિયાદ ન મારી,
આ તો નિજની નિજને યારી!
જન્મ દીધો જો માનવનો તો–
માનવ ને ત્હારી બલિહારી!
સમજી શકું સંકેત તમારો
જો મને જન્મ દીધો માનવનો. તેં મને૦

માનવ જન્મ, વળી ભારતમાં!
કૈં પુણ્યોનો સંચય છતમાં.
બ્રહ્મ, મોક્ષની વાત ન બીજે,
તપ–ત્યાગે અહીં વિભુ પણ રીઝે;
આત્માર્થી મન ભાવનનો
જો મને જન્મ દીધો માનવનો. તેં મને૦

નિશ–દિન નવધા–ભક્તિ દેજો,
મન ભટકે તો વાળી લેજો,
એક–મતિ, બસ, એક જ રટણાઃ
ભક્તિ–ભાવમાં ભરતી, રમણા
ભિક્ષુક હું તવ ચરણનનો
તેં મને જન્મ દીધો માનવનો. તેં મને૦

— ડો. રણજિત પટેલ (અનામી)

# પ્રાર્થના

સ્વામી પરમાનંદ

સ્થિરતા એ આત્માનો ગુણ છે, જેને આપણે પ્રગટ કરીએ છીએ.

આત્માના પ્રકાશને ન તો કોઇ સીમાડા છે ન કોઇ પૂર્વ, પશ્ચિમ, કે ઉત્તર દક્ષિણ દિશાઓ. એ તો સર્વત્ર ફેલાઇ રહેલ છે. સિવાય કે આપણે આપણાં દ્વાર બંધ કરી દઇએ. અફસોસ, જ્યારે આપણે જ આપણાં દ્વાર બંધ કરી દઇએ, ત્યારે જ તે આવતો બંધ થાય છે.

આપણે ધીરજવાળું ડહાપણ પ્રાપ્ત કરવું જોઇએ. આપણે ચંચલ કે બદલાતા ના રહેવું જોઇએ. જે લોકો ધૂની કે અસ્થિર મનના હોય છે, તેઓ પોત તો દુઃખી થાય છે, બીજાઓને પણ દુઃખી કરે છે. વિજળી જો બંધ થઇ જાય તો તે કોઇ અકસ્માત નથી કિન્તુ તે કોઇની શરતચૂક કે બેદરકારીને લીધે થઇ હોય છે. આથી આપણે સ્થિર ને સાવધાન બનવું જોઇએ. આપણને સ્થિરતાની જરૂર છે, જે આપણે કોઇ લક્ષ્યને વરેલા હોઇએ તો જ આવે છે.

હે સર્વત્ર દિવ્ય પ્રકાશ રેલાવતા દેવ, મારા હૃદય અને મનને આપના દૈવી પ્રકાશથી ભરી દો, મારામાં રહેલ અજ્ઞાન અને અંધકારને દૂર કરી દો.

અને જે નિત્ય અને સનાતન છે તેમાં મારી શ્રદ્ધાને અચળ કરી દો.

* * *



નિષ્ફળતાઓથી ચિંતિત ન બનતા. ફરી પાછી તાઝી શક્તિથી ઊભા થઇ જાવ. યાદ રાખો કે પ્રચંડ ઇચ્છાશક્તિથી સર્વકાંઇ જીતી શકાય છે; પ્રાપ્ત કરી શકાય છે.

માણસો જ્યારે મારો પરિત્યાગ કરે છે ત્યારે પ્રભુ મને સહારો ધરે છે. એથી જો તું ઇચ્છતો હોય કે એક પ્રભુ જ તને સહારો ધરે, તો તું કદી માનવીય મદદની અપેક્ષા ના રાખતો.

સંઘર્ષો અને વિરોધોનો મુકાબલો એ તો મોટો આશીર્વાદ છે. એને લીધે જ આપણામાં જે સત્ત્વ રહેલું છે તે ઝળહળી ઊઠે છે. જીંદગીનો અર્થ એ તો નથી કે માત્ર સુવાળો માર્ગ–કોઇ પણ પડકારો વિનાનો માર્ગ પસંદ કરવો! એનો અર્થ તો એ છે કે જીવનમાં કંઇ મહત્ત્વનું કરવું. કઠણાઇઓ અને મુશ્કેલીઓ આપણામાં સુષુપ્ત રહેલ સર્વોત્તમતાને બહાર લાવી દે છે, જેનાથી આપણે સશક્ત બનીએ છીએ.

જે સુખ અને દુઃખમાં એક સરખો, અવિચળ અને સ્થિર રહી શકે છે, તે જ એકલો સાચું અર્થપૂર્ણ જીવન જીવી જાય છે. આ એકલું જ માણસને સમત્વ આપી શકે છે. સમત્વ વિના આપણે હંમેશાં ચંચળ અને અસ્થિર બની રહીએ છીએ.

હે વિશ્વની અબાધિત ચેતનાના અધિષ્ઠાતા દેવ, હું મારી જાતમાં તારી હાજરીને મહેસૂસ કરું, કે જેથી કરી તારા પ્રેમ અને ધારણશક્તિને હું અનુભવી શકું.

અરે, તું તો સર્વે વરદાનોનો દાતા છે. મને પણ તારા આશીર્વાદ દેતો જા, કે જેથી હું સદૈવ તારા સાન્નિધ્ય પ્રત્યે સજાગ રહી, જીંદગીનાં સર્વ દુઃખ, દર્દ અને નિષ્ફળતાઓને અતિક્રમી શકું.

* * *

જો મારા આ મર્ત્ય હાથ તને અર્ધ્ય ધરવામાં ક્ષતિ કરે તો હે મારા દેવ, તું નારાજ ના થતો, કારણ કે તારા સ્પર્શથી પવિત્ર થયેલા મારા આ હાથ તારી પ્રસાદી છે. હવે હું નમ્રતાપૂર્વક એ હાથોને ઊંચા કરી તારા ચરણોમાં પ્રેમાંજલિ અર્પણ કરીશ.

મારા આ મનને–તારા જ વિચારો આપ્યા છે માટે હું એ મનને પ્રેમ કરીશ, તેમ જ મારા આ હૃદયે મને તારું દર્શન કરાવ્યું હોવાથી હું તેને પ્રિય માની સાચવી રાખીશ અને મારું આ જીવન જે મને તારા દ્વારસુધી લઈ આવ્યું છે, તેને તારી કૃપાના તાજથી શણગારીશ.

O

## સરલગીતા છપાઈ ગઈ છે

ઘણા વખતથી અપ્રાપ્ય સરલગીતા ફરી છપાઈ ગઈ છે. કાગળો અને છપાઈ મોંઘી થવા છતાં, તેની કિમ્મત રૂ. ત્રણ જ રાખવામાં આવી છે. આમ કરતાં જે આર્થિક ખોટ ભોગરવી પડી છે, તે સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટે ભોગવી લીધી છે.

જે ભાઈબહેનોને સરલગીતાઓ વધુ સંખ્યામાં વિતરણ માટે જોઈતી હોય, તેમને શ્રી વિજયભાઈ કનેરિયા, કનેરિયા એન્જીનિયરીંગ વર્ક્સ, ઢેબર રોડ, રાજકોટ–૨ નો સંપર્ક કરવો.



# જીવનનું ધ્યેય

યોગેશ્વર

**પ્રશ્ન :** જીવનનું સર્વોત્તમ ધ્યેય શું?

**ઉત્તર :** ઈશ્વરને માટેના પરમ પ્રેમની પ્રાપ્તિ ને તે દ્વારા ઈશ્વરના દિવ્ય રૂપનું દર્શન એ જ માનવ ને તેમાંયે સાધકના જીવનનું સર્વોત્તમ ધ્યેય છે. આ ધ્યેયની સદાય સ્મૃતિ રાખી તેની પૂર્તિ માટે પુરુષાર્થ કરવામાં જ સાધકનો આનંદ ને સાધનાની સફળતાનો મર્મ સમાયેલો છે. આ વાત જીવનની પ્રત્યેક ક્ષણે યાદ રહે તે જરૂરી છે. તેથી સંસારના પ્રલોભન તેમ જ વિરોધી વાતાવરણ વચ્ચે માનવ સુરક્ષિત રહેશે ને જીવનને સાચી વિકાસદશામાં વાળવા કટિબદ્ધ બનશે. પણ એનો અર્થ એમ નથી કે જીવનના વિકાસ ધ્યેયની યાદમાં જ સાધકનું સર્વસ્વ સમાઈ જાય છે. ધ્યેયની સ્મૃતિ એક ઉત્તમ વસ્તુ છે, પણ તેટલાથી જ [illegible] અંતિમ હેતુ સરશે નહીં. ધ્યેયને પરિપૂર્ણ કરવાના પ્રયાસનું મહત્ત્વ સૌથી વિશેષ છે. ને સાધકે તેને જીવનમાં ઊતારવા સતત પુરુષાર્થ કરવો જોઈએ. ધ્યેયની સતત સ્મૃતિ ને તે સાથે અવિરત પુરુષાર્થ જીવનની સાધનાત્મક સફલતાના મહત્ત્વના મુદ્દા છે.

**પ્રશ્ન :** એ ધ્યેયની સિદ્ધિમાં શાસ્ત્રાધ્યનની આવશ્યકતા કેટલી?

**ઉત્તર :** શાસ્ત્રોના અધ્યનની આવશ્યકતા છે ખરી, પણ મર્યાદિત રૂપમાં, ને ખરી આવશ્યકતા તો અનુભૂતિ કે પ્રત્યક્ષ અનુભવની છે, એ વાત સાધકે યાદ રાખવી જોઈએ. આ વાત યાદ રહેવાથી અનુભવનો આનંદ લેવા માટે સાધકનું દિલ સદાય

તલસ્યા કરશે, ને પૂર્ણ અનુભવ મેળવીને જ સાધક અટકશે. તે સમજશે કે ઘાણું જાણવું, ઘણાનું ચિંતન કે મનન કરવું એ જ કાંઈ જીવનનું ધ્યેય નથી. જે જાણવામાં કે મનન કરવામાં આવે તેનો જીવનમાં અનુવાદ કરવામાં આવે તે જ જરૂરી છે, ને શાંતિનું મૂળ પણ તેમાં જ રહેલું છે. એટલે નીતિમય જીવનનું મહત્ત્વ ને ઈશ્વરપ્રાપ્તિની જરૂર અથવા આત્મિક વિકાસની આવશ્યકતા સમજનારે તેટલાથી જ અટકવાને બદલે નીતિમાન બની ને ઈશ્વર પ્રાપ્તિ કરી આત્મિક વિકાસની પરિસીમાએ પહોંચવું જોઈએ. તો જ તેને પૂર્ણ શાંતિ મળી શકે.

**પ્રશ્ન** : જીવનની ઉચ્ચતા માટે બીજું શું યાદ રાખવા જેવું છે?

**ઉત્તર** : કેટલાક માણસો માને છે કે અમુક રીતે વર્તવું સારું છે ને બીજી રીતે વર્તવું ખોટું છે. છતાં ખોટાનો ત્યાગ કરી સારા ને સાચા માર્ગે તે પગલાં ભરી શકતા નથી, તેનું મુખ્ય કારણ નબળું મનોબળ છે. પોતાનો આત્મા કે સત્ય શું કહે છે તેને પ્રથમ સ્થાન આપવાને બદલે લોકો શું કહે છે ને કહેશે તેને જ તેઓ મહત્ત્વનું માને છે. તેથી સારા માર્ગનો કેટલીય વાર લોકલાજને નામે તે ત્યાગ કરી દે છે. બીજું કારણ સત્ય વસ્તુને માટે જે ભોગ આપવો પડે છે, તે આપવાની શક્તિનો અભાવ છે. આ અશક્તિને લીધે સત્ય વસ્તુને માટે જ્યારે ભોગ આપવાનો વખત આવે છે ત્યારે તેમનું મન ડગી જાય છે, ને છેવટે સત્ય માર્ગથી ચલિત પણ થાય છે. આ બે ખામીને લીધે જ સત્યનો ઉપદેશ કે પ્રચાર કરે છે, તેવા માણસો પણ ઘણીવાર અસત્યમાં જ રમતા દેખાય છે, ને સત્યના આચરણનો આનંદ લઈ શકતા નથી. પણ આત્મિક પંથના પ્રવાસીએ આ ખામીથી મુક્ત થયે જ છૂટકો છે. તે વિના સાધનાની સિદ્ધિનો આનંદ મળવો તદ્દન અસંભવ



છે—સાધનાની સિદ્ધિ તો શું પણ સાધનાનો સાધારણ આનંદ પણ પ્રાપ્ત થવો મુશ્કેલ છે.

મહુવામાં એક વૃદ્ધ પુરુષ મારી પાસે આવતા હતા. ગામમાં આવેલા એક સંન્યાસી મહારાજની પાસે તે રોજ જતા હતા. સંન્યાસી મહારાજનાં તે ખૂબ વખાણ કરતા. એક દિવસ તે મારી પાસે આવીને કહેવા માંડયા : 'જેટલા આવે છે તેટલા પૈસા લેવા જ આવે છે. મહારાજ કથા તો બહુ સારી કહેતા હતા પણ આખરે તો તે પણ કહે છે કે હવે મારે કોઈ એકાંત સ્થળમાં સાધના કરવા જવું છે. માટે ત્યાં ખર્ચ માટે પૈસા જોઈશે?' આશ્ચર્ય તો એ છે કે મહારાજની આટલી વાત સાંભળીને આવ્યા પછી તેમણે મહારાજ પાસે જવાનું પણ મૂકી દીધું!

આવી વૃત્તિ કેટલાય માણસોમાં જોવા મળે છે. સંન્યાસી મહારાજને એકાંતમાં જવું હતું, તે માટે તેમણે પૈસાની મદદ માગી તો તેમાં ખોટું શું છે? તેમણે કાંઈ બળજબરી તો કરી નથીઃ નહિ આપો તો દંડ થશે, જેલમાં લઈ જવાશે એવી ધમકી તો આપી નથી : તમારી ઈચ્છા હોય તો જ ને તેટલું જ, તમારે આપવાનું છે, છતાં આવો બડબડાટ કે મિથ્યા ને હીન પ્રચાર શા માટે? સાચું છે કે મહાપુરુષ ઈશ્વર પરાયણ જ હોય છે : તે ભવિષ્યની ચિંતા કરતા નથી. છતાં તેમને કંઈક ચિંતા થઈ તો તેથી વાંધો શું છે? તેમના જ્ઞાન ને ચારિત્ર્યને એકદમ ભૂલી જવું બરાબર છે કે? પૈસા વિના તમારો કે કોઈને જીવન વ્યવહાર ચાલે છે કે? તેમને પૈસાની જરૂર લાગી, ને તે જરૂર તેમણે પ્રદર્શિત કરી, તો તેમાં ખોટું શું છે? ને મહારાજ તમારી કે કોઈની પાસે ભીખ ક્યાં માગે છે? બદલામાં તે તમને અમૂલખ ધન આપે છે. જ્ઞાનની પરબ માંડીને તે તો બેઠા છે. તે તમને જ્ઞાન ને તે દ્વારા શાંતિ આપે છે. તો તમારી પણ કાંઈ ફરજ છે કે નહિ? શું તમારે

કોઇ કંગાલની જેમ બધું જ લેવું છે? તમારી જવાબદારીમાંથી છટકવું હોય તો ભલે, પણ તેટલા જ માટે સાધુ સંન્યાસી પ્રત્યે તિરસ્કાર બતાવી તેની નિંદા કરવાની જરૂર નથી. જે શંકા થાય તે શંકાના નિવારણ માટે સૌથી પ્રથમ તે સાધુ પુરુષનો ને તે છતાં સમાધાન ના થાય તો કોઇ બીજા મહાપુરુષનો આશ્રય લેવાનું કામ વધારે સારું છે.

**પ્રશ્ન :** જ્ઞાનની પ્રાપ્તિ કઇ રીતે કરી શકાય?

**ઉત્તર :** એક માર્ગ છે. ગ્રંથદ્વારા શ્રવણ ને મનનનો ને તે દ્વારા જ્ઞાનની પ્રાપ્તિનો. બીજો માર્ગ તેથી જુદો છે. માણસ સમજી લે છે કે પરમાત્મા શરીરમાં રહ્યા છે, એટલે તેમને મેળવવા તે ધ્યાનાદિ કરે છે. તેમ કરી અંતે પરમાત્માને મેળવી લે છે. આટલું થાય એટલે પરમાત્મા સંબંધી બધું જ જ્ઞાન માણસને આપોઆપ મળી જાય છે. જે ભક્ત છે તે પ્રભુને મેળવવા રડે છે. પ્રાર્થે છે, ને પ્રભુનું દર્શન પામે છે. આ પછી પ્રભુ પોતે જ પોતાનું જ્ઞાન તેને આપી દે છે, તે પ્રભુ તેમ જ તેનું જ્ઞાન બંનેને મેળવી લે છે. જ્યારે પહેલા માર્ગનો માણસ કેવલ બાહ્ય જ્ઞાનમાં ગૂંચવાઇ જાય એવું વધારે બને છે. માટે રમણ મહર્ષિ ને રામકૃષ્ણદેવની જેમ પહેલા આત્મદર્શન કે ઈશ્વરદર્શન કરો. જ્ઞાન તો પછી આપમેળે આવશે. ઈશ્વર છે. તેની પ્રાપ્તિ શક્ય છે, ને અમુક રીતે તે પ્રાપ્ત થાય છે. એટલું જ્ઞાન જ માણસને માટે પૂરતું છે. ઈશ્વર પ્રાપ્તિ પછી બીજું જ્ઞાન આપોઆપ મળી રહેશે.

## સાચી સુધારણા

**પ્રશ્ન :** એક જ જન્મમાં મુક્તિ મળી શકે કે અનેક જન્મમાં? મને લાગે છે કે અનેક જન્મમાં ધીરે ધીરે વિકાસ કરવાથી મળતી હશે.



**ઉત્તર :** એ બરાબર છે કે વિકાસ કરવાથી જ મુક્તિ મળે છે. પરંતુ તે એક જન્મમાં કે અનેક જન્મમાં થશે તે તમારા પર આધાર રાખે છે. ધોળકા અહીંથી ૪ ગાઉ કહેવાય છે પણ ધીમે ધીમે ચાલો તો સાંજ સુધીમાં માંડ પહોંચી શકો. પરંતુ સારી પેઠે ચાલવા માંડો તો ત્રણ કલાક તો પૂરતા થઇ પડે! એવી જ રીતે મુક્તિનું છે. જો ધર્મ ને નીતિથી ચાલો, ને ખંતથી પુરુષાર્થ કરો તો એક જન્મમાં પણ મુક્તિ કે પૂર્ણતા મેળવી શકો, ને તેમ ના કરો ને ઊલટું અધર્મપરાયણ બનો તો અથવા ધીમો વિકાસ કરો તો અનેકાનેક જન્મો લાગી જાય. એટલે તો કહ્યું છે કે **तद्दूरे तद्वन्तिके।** એટલે કે તે દૂર પણ છે ને પાસે પણ છે. સજ્જન સાધકને માટે પાસે છે ને દુર્જનને માટે દૂર. પુરુષાર્થીને પાસે ને પ્રમાદીને દૂર. એવી રીતે તેનો ભાવાર્થ સમજવાનો છે.

**પ્રશ્ન :** અમારે સુધારક થવું છે તો કેટલીક સલાહ આપવા કૃપા કરો.

**ઉત્તર :** હું શું સલાહ આપું? તમારી જાતે જ્યાં લગી સલાહ નહિ મેળવો ત્યાં લગી સાચા સુધારક થઇ શકશો નહિ. પહેલાં તમારી જાતને સુધારો. તમારા દુર્ગુણોને દૂર કરો. અહંતા, મમતા, રાગદ્વેષ એ બધાથી મુક્ત બનો. તે પછી બીજાને આપવાનું તમારી પાસે શું છે તે નક્કી કરો. તે પછી જ જે કંઇ હોય તે માન, પ્રતિષ્ઠા કે લક્ષ્મીની લાલચ વિના કેવળ ઈશ્વરના હાથમાં હથિયાર બનીને બીજાનો સુધાર કરવાનો પ્રયાસ કરો. તો તે સારી રીતે સફળ થઇ શકશે ને શોભશે. તમે સુધારક ના બનો તેમ હું ઇચ્છતો નથી. પણ સુધારો તમારી અંદરથી જ શરૂ થવો જોઇએ એટલું જ મારે કહેવાનું છે. સૌથી પહેલી ને મહત્ત્વની સલાહ આ છે. બીજી સલાહ તે પછી જ આપી શકાય છે. □

### દૈવીસંપત્તિની સાકારમૂર્તિ

# મા સર્વેશ્વરી

ધીરજબેન નાણાવટી

ગીતાના સોળમા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણએ ૨૬ પ્રકારના દૈવીગુણોનું વર્ણન કર્યું છે. સાથે સાથે એનાથી ઊલટી આસુરી વૃત્તિઓનું પણ વર્ણન કર્યું છે. અને બે વચ્ચેનો તફાવત સ્પષ્ટ રીતે આલેખ્યો છે. આ બધા ગુણો માનવીના જીવનમાં પણ હોઇ શકે છે. માનવ દેવ અથવા દાનવ જે ગમે તે બની શકે છે. આપણા સંતસમાજમાં ઠેર ઠેર આવા દાખલાઓ જોવા મળે છે. આ લેખનો મુખ્ય હેતુ તો એ દર્શાવવા માત્ર છે કે આ કક્ષાના સંતોની હરોળમાં ઊભા રહી શકે તેવી એક જીવંત વ્યક્તિ, પૂ. શ્રી સર્વેશ્વરી મા આપણી વચ્ચે વસી રહ્યાં છે. તેમની અપાર શક્તિ, પ્રભાવ, તેજસ્વીતા, દિવ્ય પ્રેમ, મનોબળ વગેરેથી જેઓ પરિચિત છે કે અપરિચિત છે તે સર્વેના લાભાર્થે આ લેખ લખાઇ રહ્યો છે. તેઓમાં રહેલી અસાધારણ દૈવી શક્તિઓ તેમ જ દૈવી ગુણોનો પરિચય ટૂંકમાં રજૂ કરવામાં આવ્યો છે.

એમ કહેવામાં આવે છે કે એક બાજુ સદ્‌ગુણોની સેના ઊભી છે અને બીજી બાજુ દુર્ગુણોની. અથવા તો પૂ. શ્રી ગાંધીજીના મંતવ્ય પ્રમાણે આ અધ્યાયમાં ધર્મ અને અધર્મ વચ્ચેનો ભેદ બતાવવામાં આવ્યો છે. આમાંના ઘણા સદ્‌ગુણોનું વર્ણન નરસિંહ મહેતાના "વૈષ્ણવ જન તો તેને રે કહીએ" એ પદમાં વર્ણવવામાં આવ્યું છે. સામાન્ય માનવીના જીવનમાં આ બંને પ્રકારની વૃત્તિઓનું ઘર્ષણ ચાલ્યા કરતું હોય છે, અથવા તો બંને વચ્ચેનું



યુદ્ધ ચાલ્યાં કરતું હોય છે. તેમ છતાં ઈતિહાસમાં એવા કેટલાયે ઋષિ–મુનિ, સાધુ–સંતના જીવનના દૃષ્ટાંત ટાંકવામાં આવ્યાં છે કે જેઓ આવા દૈવીગુણોની સંપત્તિથી સંપન્ન હતા. હાલ પણ એવી વ્યક્તિઓ જોવા મળે છે. અને ભવિષ્યમાં પણ જોવા મળશે એમાં કંઇ શંકાને સ્થાન નથી. આટલી પ્રસ્તાવના રજૂ કર્યા પછી હવે આપણે એ દૈવીગુણો પૂ. શ્રી મા સર્વેશ્વરીના જીવનમાં ક્યાં ક્યાં અને કેવી રીતે જોવા મળે છે તેનું વિહંગાવલોકન કરીશું. પ્રથમ તો આમાં મુખ્ય અને સૌથી મહત્ત્વના ગુણો કયા કયા છે તે જોઈશું.

સૌ પ્રથમ ભગવાન શ્રીકૃષ્ણ 'અભય'ને સૌથી ઊંચું સ્થાન આપે છે. અને સૌથી છેલ્લે 'નમ્રતા'ને મૂકે છે. વચ્ચે અહિંસા, સત્ય, ત્યાગ, શાંતિને સ્થાન આપ્યું છે ને આ બધી સદ્‌વૃત્તિઓ સાથે સંકળાયેલા બીજા ગુણોમાં, અંતઃકરણની શુદ્ધિ, સમતા, ઈન્દ્રિયદમન, દાન, યજ્ઞ, શાસ્ત્રનો અભ્યાસ, તપ, સરળતા, અક્રોધ, કોઈની નિંદા ન કરવી, ભૂતમાત્ર વિષેની દયા, અલોલુપતા, કોમળતા, મર્યાદા, અચંચલતા, તેજ, ક્ષમા, ધીરજ, અંતરની અને બહારની ચોખ્ખાઇ, અદ્રોહ વગેરેનો સમાવેશ થાય છે. સાથે સાથે અર્જુનને સમજાવે છે કે, 'ધર્મવૃત્તિ મનુષ્યને મોક્ષ તરફ લઇ જાય છે ત્યારે બીજી બાજુ અધર્મવૃત્તિ તેને બંધનમાં નાંખે છે. આસુરીવૃત્તિવાળા વારંવાર આસુરીયોનિમાં જન્મ્યા કરે છે. તેઓ ન તો સુખ કે ન તો શાંતિ મેળવી શકે છે.

'અભય' એ સર્વશ્રેષ્ઠ ગુણ ગણાય છે કારણ કે જે વ્યક્તિ અભયી હોય, તે જ વીર બની શકે છે, ક્ષમાશીલ બની શકે છે, સત્યને પંથે ચાલી શકે છે, હિંસા કર્યા વિના શાંતિથી જીવી શકે છે, અને ઈશ્વરને પ્રાપ્ત કરી શકે છે. આપણા કવિ પ્રીતમનું એક સુંદર પદ છે–'હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ રે. પરથમ

પહેલું મસ્તક મૂકી વળતી લેવું નામ રે.' પૂ. શ્રી માએ હરિને મારગે ચાલવા માટે ઘરબાર છોડયાં. સ્કૂલમાંથી પ્રિન્સીપાલની પદવીને તિલાંજલિ આપી, ને સાવ બેફીકર બનીને ચાલી નીકળ્યાં. આ કંઇ નાનીસૂની વાત નથી. લોકો શું કહેશે, ભવિષ્યમાં શું થશે, કેમ જીવન નિભાવાશે વગેરે વગેરે બાબતોની સહેજ પણ ચિંતા કર્યા વગર, માત્ર ઈશ્વર અને સદ્‌ગુરુ પર વિશ્વાસ મૂકીને, બધું જ ઈશ્વરાર્પણ કરીને ગુરુને ચરણે જઇને બેઠાં. આ એક શૂરવીરને શોભે તેવું કાર્ય ગણાય, કારણ કે આપણા સમાજમાં સ્ત્રીઓને આવો ભેખ ધરવાની સ્વતંત્રતા બહુ ઓછા પ્રમાણમાં આપવામાં આવે છે. સાથે સાથે આ અભયવૃત્તિને લીધે તેઓએ સત્યને માર્ગે આગળ વધવા માટે 'યા હોમ' કરીને ઝંપલાવ્યું. શ્રી વિનોબાજી આવી નીડરતા તેમ જ અભયવૃત્તિને 'વર્ધમાન કલા' કહીને વધાવે છે. આ એક જ ગુણને લઇને કોઇ પણ વ્યક્તિ આગળ વધી શકે છે. ક્ષમા આપી શકે છે, દુશ્મનને પણ પ્રેમથી જીતી શકે છે, સચ્ચાઈથી જીવી શકે છે. કોઈના પણ ઓશિયાળા બન્યા વગર જીવનના પ્રલોભનોનો ત્યાગ સહેલાઈથી કરી શકે છે. પૂ. શ્રી મા સર્વેશ્વરીના જીવનમાં એવા ઘણા પ્રસંગો બન્યા છે કે જ્યાં આ બધા સદ્‌ગુણોનો પ્રભાવ જોવા મળે છે. દા. ત. પૂ. શ્રી મા દશરથાચલ પર્વતની યાત્રાએ ગયાં, ત્યારે વિકટ માર્ગ હોવા છતાં, જાતજાતની કઠિનાઇઓ હોવા છતાં બધી જ મુશ્કેલીઓનો સામનો કરીને નિર્ભયપણે યાત્રા પૂરી કરી શક્યાં, પૂ. શ્રી યોગેશ્વરજીએ 'સરળગીતા'માં વર્ણવેલા ગુણોમાં શારીરિક સ્વાસ્થ્ય, નીડરતા વગેરે વગેરેનું સુંદર રીતે આલેખન કર્યું છે. અને સમજાવ્યું છે કે કશાય પણ ડર્યા વગર ઈશ્વર પર શ્રદ્ધા રાખીને ધર્મનીતિથી ચાલવું અને ઈશ્વરની સાથે પ્રીત બાંધીને અભય બનીને વિચરવું ને જીવન વિતાવવું જોઇએ.



પૂ. શ્રી માના આચાર–વિચાર–વાણીમાં આ બધા દૈવીગુણોનું પ્રતિબિંબ જોવા મળે છે. તેમની દિનચર્યા જોઇએ તો સવારમાં ઊઠે ત્યારે ૧૨૫ પ્રણામ કરવાના, યોગાસનો કરવાનાં, સવારના ચાલવા જવાનું, ધ્યાન ધરવાનું, વગેરે વગેરે શારીરિક, માનસિક, આધ્યાત્મિક પ્રવૃત્તિઓનું શિસ્તપાલન કેમ કરી શકાય તે જોવા મળે છે. ઉપરાંત ચોરી નહીં કરવાની, નિંદા નહીં કરવાની, નીતિ તેમ જ ધર્મને રસ્તે શાસ્ત્રને પ્રમાણ ગણીને ચાલવાનું એ બધું પણ સ્પષ્ટ રીતે જોવા મળે છે. એમની વાતોમાં કોઇ દિવસ ટીકા, નિંદા કે કોઇને પણ જાણ્યે–અજાણ્યે પણ દુઃખ પહોંચે તેવી વાત સાંભળવા ન મળે. માણસમાં રહેલી સદ્‌વૃત્તિને પારખીને પ્રોત્સાહન આપીને એ ગુણ વિકસાવવા માટેનો પ્રયત્ન કરે, સાચી સલાહ આપે, સાચો રાહ બતાવે, બાકી તો બીજી સંસારની નકામી વાતો, ખટપટ વગેરેથી દૂર રહેવાનો પ્રયત્ન કરે. બીજી બાજુ સંસારમાં રહીને વ્યવહાર સાચવીને પ્રેમથી બધાં સાથે હળીમળીને કેમ રહેવું, મોટું મન રાખીને ખોટું લગાડયા વગર ક્ષમા કેમ કરવી, એ બધું સમજાવે. પોતે પણ જલકમલવત્ રહીને બધા જ સંબંધો, વ્યવહાર વગેરે સાચવે ને પ્રેમથી બધાં સાથે વર્તે.

પૂ. શ્રી માના જીવનમાં પ્રેમ અને કરુણાની તો અવિરત ધારા વહેતી જ હોય છે, તેમનો પ્રેમ જોઇને તો ભલભલા માણસોનાં હૃદય ભીંજાઇ જાય ને બદલાઈ પણ જાય છે. કોઈ ગમે તેવો ક્રોધી પણ તેમની સામે આવે તોપણ તેમનો પ્રેમ અને કરુણાથી ભીંજાઇને બદલાઇ જાય, અહીં અમેરીકામાં ઉનાળામાં (૧૯૯૭) પૂ. શ્રી મા યાત્રા કરી રહ્યાં હતાં, ત્યારે એક શહેરમાં એક ઘટના એવી બની કે એક કુટુંબમાં એક વ્યક્તિ પોતાના ક્રોધ પર કાબૂ રાખી શકતા નહોતા. તેને બીજા ભક્તોએ પૂ. શ્રી મા સર્વેશ્વરી પાસે લઇ જવાનું નક્કી કર્યું. તે વ્યક્તિ પોતે પણ મનમાં પસ્તાવો

તો કરતા જ હતા, તેથી દર્શન કરવા જવાં તૈયાર થયા ને પોતાની ગાંડા જેવી વર્તણુક માટે અફસોસ વ્યક્ત કર્યો. પોતે ક્રોધથી ગાંડાતુર થઇને બાળક સાથે કેવી ક્રૂરતાથી વર્ત્યા તેની વાત કરી, ને શું કરવું તે વિષે પૂ. શ્રી માને પૂછ્યું. આપણાં કૃપાળુ અને પ્રેમાળ માએ તો કહ્યું, 'મને તમારો ક્રોધ આપી દો. બીજું કંઇ ન જોઇએ.' પેલી વ્યક્તિ તો આવાક્ જ થઇ ગઇ ને માને ચરણે ક્રોધ સમર્પિત કરી દીધો! ધીમે ધીમે તેમના વર્તનમાં ફેરફાર થવા લાગ્યો. આવો ફેરફાર કોણ લાવી શકે? પ્રેમથી જ બીજાને જીતવાની કળા પૂ. શ્રી માની અંદર પૂરેપૂરી વિકસેલી છે. કોઇ ગમે તેવું વર્તે, બોલે પણ માને તેના પર ગુસ્સો જ ન આવે. કોઇનો તિરસ્કાર પણ ન કરે. હરેકમાં ઈશ્વરી અંશને જ જુએ, નમન કરે, પ્રેમ કરે, જડ કે ચેતન દરેકમાં ઈશ્વરના અંશને જોઇને વંદન કરે. આમ બધાંને જ વંદન કરવા કંઇ સહેલા નથી. મૂળમાં તો જો અહંકાર હોય તો માણસ બીજાને નમી નથી શકતો. બીજા બધા સદ્‌ગુણો હોય પણ જો નમ્રતા ન હોય તો એકડા વગરનાં મીંડાં જેવું ગણાય. ગીતાના સોળમાં અધ્યાયમાં દૈવીગુણોમાં સૌથી છેલ્લો આ મહત્ત્વનો ગુણ વર્ણવામાં આવ્યો છે. પોતાનામાં બધા ગુણો છે તેનું અભિમાન આવી જાય તો યે પડતી જલ્દીથી થાય. અહંકારથી તો ભલભલા ઋષિમુનિઓ, સાધુઓ, પંડિતો વગેરેના પતનના દાખલા ઠેકઠેકાણે જોવા મળે છે. જે વ્યક્તિએ અહંકારને જીત્યો તે જગ જીતી જાય છે. જ્યાં બધા પ્રત્યે પ્રેમ હોય, સર્વેમાં ઈશ્વરી તત્ત્વનાં દર્શન થતાં હોય, ત્યાં પછી ઊંચ–નીચના ભેદભાવ મટી જાય, માન–અપમાન, ઈર્ષા, સરખા-મણી કરવાની વૃત્તિ આપોઆપ જ શમી જાય, તેને ક્રોધ કે લોભ ડગાવી ન શકે. તે કોઇને શત્રુ તરીકે જુએ જ નહીં, તેથી તેને કોઇનો ડર પણ ન લાગે. અને જ્યાં ડર જેવી વૃત્તિ ન હોય ત્યાં



બીજાને હેરાન કરવાની આવશ્યકતા ન પડે. આ બધાના મૂળમાં તો પ્રેમની સાથે ગાઢ સંબંધ ધરાવતી 'અહિંસા'ની સદ્‌વૃત્તિ જ સંકળાયેલી છે. જે સર્વે પ્રત્યે સમદૃષ્ટિથી જુએ તેને વળી હિંસા કરવાનું મન જ ક્યાંથી થાય? અહિંસાનો ગુણ જ માણસને અભયી બનાવે છે.

મન–વચન–કર્મથી જે માણસ કોઇને જાણ્યે અજાણ્યે જ પણ દુઃખ થાય તે ન ઇચ્છે, તે વળી હિંસા ક્યાંથી કરી શકે? આપણે જરા ઊંડાણથી જોઇશું તો સમજાશે કે 'આહારશુદ્ધિ' આમાં કઇ રીતે મદદરૂપ થઇ શકે. 'જેવો આહાર તેવો ઓડકાર' એ બહુ જાણીતી કહેવત આપણામાં છે. પૂ. શ્રી મા તો છેલ્લા ૧૪–૧૫ વર્ષોથી દૂધ અને ફળના અલ્પાહારથી જ જીવે છે. ઉપરાંત વર્ષના ૧૨૦ થી પણ વધુ દિવસો નિર્જળા કરે છે. આહારથી તો શરીરની સપ્તધાતુઓ ને બંધારણ થાય છે. તેથી આહાર શુદ્ધિથી તો શારીરિક શુદ્ધિ પણ થાય છે અને તેને લઇને સાત્ત્વિક, રાજસિક અને તામસિક વૃત્તિઓનું પોષણ થાય છે. જ્યારે સાત્ત્વિક વૃત્તિઓનો વિકાસ થાય ત્યારે આપોઆપ જ કેટલાક સદ્‌ગુણો પણ કેળવાય છે. દા. ત. કોઇનું બગાડવું નહીં, પડાવી લેવું નહીં. કોઇની અદેખાઇ ન કરવી. કોઇનું બૂરું ન ઇચ્છવું. કોઇને દુઃખી ન કરવું વગેરે વગેરે ગુણોની વૃત્તિ થતી જાય છે. અંતઃકરણની શુદ્ધિથી વ્યક્તિનું જીવન નિર્મળ જળ જેવું પારદર્શક બની જાય છે. સાથે સાથે ઇન્દ્રિયો પરનો સંયમ, ધર્મ અને નીતિને માર્ગે ચાલવાની સદ્‌વૃત્તિ, સંસારમાં રહેવા છતાં જલકમલવત્ બનીને ફરજ બજાવવાની વૃત્તિ, વગેરે આપોઆપ એક પછી એક કેળવાતી જાય છે. પૂ. શ્રી માના જીવનમાં ડોકિયું કરીએ તો જોવા મળે છે કે તેઓ એટલાં વ્યવહારકુશળ છે કે ક્યાંય પોતાની ફરજ ચૂકતાં નથી. બાળકોની વર્ષગાંઠ હોય કે કોઇ

જગ્યાએ લગ્ન કે મરણ જેવો શોકજનક પ્રસંગ હોય, પૂ. શ્રી માની હાજરી, આશીર્વાદ વગેરે તો મળતા જ રહે. તેઓશ્રી નીતિ–નિયમોનું પાલન બરાબર ધ્યાનપૂર્વક કરતાં આવ્યાં છે. અને છતાંયે અલિપ્ત પણ રહી શક્યાં છે.

પૂ. શ્રી માના રોજિંદા જીવનમાં સ્વાધ્યાય, શાસ્ત્રોનું વાંચન, ધર્મનું પાલન, ચિંતન–મનન, તપ, દાન, દરેક કાર્યમાં પવિત્રતા, શુભ સંકલ્પ, ત્યાગ, કર્તાપણાનો અભાવ વગેરેનું દર્શન કરવા મળે છે. તેઓશ્રી બધો જ જશ પોતાના સદ્‌ગુરુને આપે છે, બધું જ ગુરુને ચરણે સમર્પિત કરે છે. પૂ. શ્રી માની સાથે અમારે ૧૯૯૭ ના જૂન મહિનામાં રહેવાનું થયું, ત્યારે આ બધાં ગુણોનું પ્રસંગોપાત્ત અવલોકન કરવાનું સદ્‌ભાગ્ય સાંપડયું હતું. પોતાના ભક્તોના કલ્યાણ માટે પણ સતત પ્રયત્નશીલ રહે. દરેક વ્યક્તિના સ્વભાવ અને પ્રકૃતિ પ્રમાણે તેને વાંચન, સેવા, કે કંઇ પણ કાર્ય કરવાનું સોંપે. પોતાની સાથે બેસાડીને સત્સંગની વાતચીત કરાવે, લખવા માટે પ્રોત્સાહન આપે, અને સ્વાનુભવની લહાણી પણ કરાવે. તેમની પાસે જઇએ એટલે કંઇ ને કંઇ સત્કાર્ય તૈયાર જ હોય. કંઇક નવું નવું, રસ પડે તેવું કામ શોધી જ રાખ્યું હોય, જપ, ધ્યાન, આસન વગેરે કરવા માટે પણ પ્રોત્સાહન આપે. છતાંયે કોઇ પણ વસ્તુ માટે આગ્રહ ન રાખે. દરેકને માર્ગદર્શન આપે અને ખૂબ ધૈર્ય રાખીને તેની પ્રગતિ જોતાં રહે. ભક્તો પણ આનંદથી ને હોંશથી સોંપેલું કાર્ય અથવા સેવા કરવા તત્પર જ હોય. આમ તેમના સમાગમમાં આવનારને પણ સાત્ત્વિક પ્રવૃત્તિમાં જોડતાં રહે, જરૂર પડે ત્યારે છૂટે હાથે દાન પણ કરતાં રહે. તેઓ પોતે તો અપરિગ્રહવૃત્તિવાળાં, તેથી કોઇ વસ્તુનો મોહ પણ નહીં, અને સંઘરો પણ નહીં. જે કંઇ મળે તેને છૂટે હાથે પ્રસાદીરૂપે પાછું આપતાં જ રહે. માંગવાની વૃત્તિ તો તેમના સ્વભાવમાં



જ નહીં. ભક્તોનાં મન દુભાય નહીં એટલે હાથમાં વસ્તુ લઇને પાછા પ્રસાદીરૂપે આપી દે. કેટલાં કરુણામય છે મા! સાથે સાથે પ્રેમ, કૃપા કરુણા તેમ જ જ્ઞાનરૂપી દાન પણ સતત કરતા જ રહે.

ભૂતમાત્ર પર દયા, શુચિતા, પવિત્રતા તો તેમના જીવનમાં જાણે વણાઇ જ ગઇ હોય તેમ લાગે. નાનામાં નાની બાબતોમાં ચીવટાઇથી, ઝીણવટથી બરાબર ચકાસીને જ જુએ. પછી જ પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે કે કાર્ય કરવાની પ્રેરણા આપે. નાનામાં નાની વાતો પણ તેમની નજર બહાર કે ધ્યાન બહાર ન જાય. વાતાવરણ શુદ્ધ અને પવિત્ર રહે તે માટે મન–વચન–વર્તનમાં ખૂબ જ ધ્યાન રાખે. તેમનું વર્તન જ એવું કે સામા માણસને કંઇ કહેવાની જરૂર ન પડે. ભક્તોને સારાં સારાં દૃષ્ટાંતો આપી, આચરણમાં મૂકીને બતાવે ને સમજાવે કે કેમ જીવવું જોઇએ. શુભ સંકલ્પ કરવાનું અને તેને કેવી રીતે પાર પાડવાનું તેનું માર્ગદર્શન પણ આપે, કુટેવો છોડાવે, અંદર–અંદરના ઝઘડાઓ પણ પતાવે, ને સહુની નાડ પારખીને તે પ્રમાણે તેને સલાહ સૂચના આપે. આમ દરેક ક્ષેત્રમાં–સાંસારિક, વ્યાવહારિક, માનસિક, શારીરિક તાણમાંથી મુક્તિ અપાવે ને શાંતિ, પ્રેમ અને આનંદનું સામ્રાજ્ય ફેલાવે, આમ જાણે કે સહુને આધિ, વ્યાધિ ને ઉપાધિમાંથી છોડાવવા માટે જ ન અવતર્યાં હોય તેમ લાગે. તેમની હાજરીમાં બધા તાપ સંતાપ શમી જતા હોય તેવું લાગે.

ત્યાગ તો પૂ. શ્રી મા માટે એટલો બધો સ્વાભાવિક અને સરળ બની ગયો છે કે એમ લાગે કે તેમની રગેરગમાં તે પ્રસરી ગયો છે. કોઇ પણ વસ્તુ માટે મમતા કે મોહ નહીં, દા. ત. કોઇને કંઇ ગમ્યું હોય એમ જાણ્યું કે તરત જ એક ઘડી પણ વિચાર કર્યા વગર તુરત જ આપી દે, અથવા તો કોઇને કોઇ વસ્તુની જરૂરિયાત હોય તો ઘડીના વિલંબ વગર તેને ખબર પણ ન પડે

તેમ તેને પ્રસાદીરૂપે આપી દે. અન્નનો ત્યાગ, જળનો ત્યાગ, પૈસાનો ત્યાગ, ઘરનો ત્યાગ, માન–મોભાનો ત્યાગ, સગાંસંબંધીઓનો ત્યાગ અને સંસારનો ત્યાગ તો તેમને મન રમત વાત ગણાય. પોતાની અંગત જરૂરિયાત જ ઓછી અને સંગ્રહની વૃત્તિ જ નહીં. જ્યાં કોઇ વસ્તુપ્રત્યે આસક્તિ નહીં ત્યાં કંઇ પણ ભોગવવાની તો ઇચ્છા જ ક્યાંથી હોય! અને ત્યાં ત્યાગ કરતાં વાર પણ કેટલી લાગે? તેથી જ કવિ પ્રીતમે ગાયું છે કે, "સુત, વીત, દારા, શીશ સમરપે, તે પામે રસ પીવા જોને," ઉપરાંત પૂ. શ્રી મા કર્તાપણાના ભાવને પણ એટલી સહેલાઇથી ત્યાગી શક્યાં છે, કારણ કે જે કંઇ કરે તે ગુરુકૃપાથી, ગુરુઆજ્ઞાથી અથવા ઈશ્વરની ઇચ્છાથી કરે છે એમ માનીને જ કરે છે. તેમની વાતમાં ક્યારેય 'હું'નો રણકાર નહીં સંભળાય. હંમેશાં 'અમે' એમાં શ્રીપ્રભુ યોગેશ્વરજીનો સમાવેશ તો હોય જ. કંઇ પણ પૂછવામાં આવે તો જવાબમાં 'શ્રી પ્રભુ કરાવશે'નો પડઘો તો હોય જ. પોતાનું કંઇ છે જ નહીં, પોતે પણ કંઇ છે જ નહીં એવી દૃઢ માન્યતા હોય ત્યાં કર્તાપણાનો ભાવ પણ ન હોય અને અહંકાર પણ ન હોય. અને જ્યાં અહંકાર ન હોય ત્યાં નમ્રતા વિના બીજું ટકી પણ શું શકે?

દૈવીસંપત્તિમાં બધા ગુણોના વર્ણનમાં 'નમ્રતા' એટલે કે અહંકારમાંથી નિવૃત્તિના ગુણને સર્વોચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે. શ્રી નરસિંહ મહેતાએ પોતાના 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ" પદમાં પણ તેને પ્રથમ સ્થાન આપ્યું છે. "પરદુઃખે ઉપકાર કરે તો યે મન અભિમાન ન આણે રે,—સકળ લોકમાં સહુને વંદે.." કહીને 'નમ્રતા' અને 'નિરહંકાર'ને ઉચ્ચ સ્થાન આપ્યું છે. જ્યાં પોતે જ નમ્રતાની જીવંત મૂર્તિસમા, સહુને વંદન કરતાં ઊભાં હોય ત્યાં બીજી આસુરી વૃત્તિઓ પાસે આવી જ કેવી



રીતે શકે? ખાલી પરમાર્થ કરીને, લોકોના કલ્યાણ અર્થે જીવીને તપસ્વી જેવું જીવન ગાળવું એ તો પૂ. શ્રી માનું જીવનનું એક જ ધ્યેય હોય એમ લાગે છે.

પૂ. શ્રી માનું મનોબળ તો શ્રી ગંગાસતીએ ગાયું છે તેવું "મેરુ તો ડગે ને જેનાં, મન નો ડગે રે, ભલેને ભાંગી રે પડે બ્રહ્માંડ રે." જેવું અડગ છે. તેમનો ઇન્દ્રિયોપરનો કાબુ, સંયમ, તેજસ્વીતા, મનની સ્થિરતા, અંતઃકરણની નિર્મળતા, ધૈર્ય વગેરેના દાખલાઓ તો તેમના રોજિંદા જીવનમાં ડગલે ને પગલે જોવા મળે છે. તેમની શાંત પ્રસન્ન મુદ્રા, નિખાલસ હાસ્ય, બાળ સહજ નિર્દોષતા, હૃદયની પારદર્શકતા, કરુણતા, અંદર તેમ જ બહારની શુચિતા, બિનઆડંબરી વર્તન વગેરે વગેરે ગુણો તો કોઇનું પણ મન જીતી લે તેવાં છે. તેમના સમાગમમાં આવનાર વ્યક્તિને જે શાંતિ અને આનંદ મળે છે તે કેટલીક વાર તો જીવનમાં અચાનક પલટા લાવી દે તેવા હોય છે. તેમની શક્તિ, પ્રભાવ, દિવ્ય દૃષ્ટિ, મનોબળ અસાધારણ કે અસામાન્ય કહી શકાય તેવાં છે. ઉપર વર્ણવેલા દૈવી ગુણોથી સંપન્ન એવાં શ્રી શ્રી મા સર્વેશ્વરીને એક એવી કક્ષામાં મૂકી દે છે કે સહજ રીતે જ 'મા ભગવતી' કહીને પ્રણામ કરવાનું મન થઇ જાય છે. આ લેખમાં તો માત્ર ઉપર ઉપરથી જ પૂ. માના વ્યક્તિત્વનો પરિચય આપવાનો મોકો મળ્યો છે. જેમ જેમ તેમની નજીક આવીએ તેમ તેમ વધુ ને વધુ ગુણોની ઝાંખી થતી જાય છે. એક માનવીના રૂપમાં અવતરેલા ઈશ્વરી અંશને કોટિ કોટિ પ્રણામ. એમની જીવન ઝરમરમાંથી આપણે માત્ર એક બિંદુ પણ પામીએ તો બિંદુમાંથી સિંધુમાં સમાઇ જવાની શક્યતાને આંબી શકીએ 'જય હો શ્રી કૃપાળુ મા–સર્વેશ્વરીનો' જન્મોજન્મ આવી માને પામી શકીએ એ જ પ્રભુ પ્રત્યેની પ્રાર્થના. □

# અડિયાર નદીના યોગીનો મેળાપ

મૂળ લેખક : પોલ બ્રન્ટન
અનુવાદ : યોગેશ્વર

હાથ વારંવાર મારા ઘડિયાળની આજુબાજુ ફરી વળતા હતા, કેલેન્ડર પરથી અઠવાડિયાં વિદાય થતાં હતાં અને દક્ષિણના મેદાની પ્રદેશમાંથી પસાર થતો હું આગળ ને આગળ વધતો જતો હતો. કેટલાંક નોંધપાત્ર સ્થળોની મુલાકાત મેં જરૂર લીધી. પરંતુ નોંધપાત્ર મનુષ્યો ઓછા મળ્યા. જેની મને માહિતી નહોતી, પણ જેનું હું અંધાનુકરણ કરી રહ્યો હતો, એવી કોઇ ગૂઢ બળવાન શક્તિ મને દોરતી હતી. એથી પ્રેરાઇને પ્રવાસીની પેઠે હું આગળ વધતો જતો હતો.

છેવટે મેં મદ્રાસની ગાડી પકડી. ત્યાં રોકાવાનો ને થોડો વખત સ્થિર થવાનો મને વિચાર આવ્યો. રાતની લાંબી મુસાફરી દરમિયાન ઊંઘવાનું કામ કઠિન લાગ્યું ત્યારે, મારા પશ્ચિમ ભારતના પ્રવાસને પરિણામે મને જે મોટા ફાયદા થયા હતા તેનો વિચાર મેં કરવા માંડયો.

મારે એટલું તો કબૂલ કરવું જ પડયું કે જેની શોધને લીધે થોડું ઘણું પણ ગૌરવ લઇ શકાય એવો એકે યોગી મને આજ-સુધી નથી મળ્યો. કોઇક ઋષિના દર્શનનો વિચાર પણ મારા મનના ઊંડાણમાં જ રહી ગયો છે. બીજી બાજુએ, ભળતી માન્યતાઓ, વહેમો અને ગૂંગળાવનારી રૂઢિઓનું દર્શન મેં મોટા પ્રમાણમાં કર્યું હતું. એને લીધે મને લાગ્યું કે મુંબઇમાં કેટલીક વ્યક્તિઓને મળવાના મળેલા અવસર દરમિયાન રજૂ કરાયેલી



શંકાઓ તથા અપાયેલી ચેતવણીઓ યથાર્થ હતી. મને એવી પણ ખાતરી થઇ કે મેં ઉપાડેલા કામની પૂર્તિ મારે માટે મુશ્કેલ થઇ પડશે. સંતપુરુષો એમની બધા જ વિભિન્નતાઓમાં જોવા મળ્યા, પરંતુ એમને માટે પૂરેપૂરું આકર્ષણ ન થયું. અલૌકિક અંતર્ભાગોને લીધે કાંઇક વધારે બતાવવાની આશા આપતાં મંદિરોમાં પણ ફરી વળ્યો. પવિત્ર પ્રાંગણમાંથી પસાર થઇને ગર્ભદ્વાર આગળ પણ ઊભો રહ્યો. અંદર ડોકિયું કરીને, પોતાની પ્રાર્થનાઓ એમના ઇષ્ટ દેવતાને કાને સંભળાય એટલા માટે પ્રાર્થના કરતાં ઘંટ વગાડતા કટ્ટર ભક્તોનાંયે દર્શન કર્યાં.

હું મદ્રાસ આવી પહોંચ્યો. એનો વિશાળ રંગીન દેખાવ મને ગમી ગયો. શહેરથી બે માઇલ જેટલે દૂર આવેલા સુંદર વિસ્તાર-માં હું રહેવા માંડયો. જેથી અંગ્રેજો કરતાં ભારતવાસીઓના સંપર્કમાં સહેલાઇથી આવી શકાય. મારું ઘર બ્રાહ્મણોની શેરીમાં હતું. રસ્તો ધૂળના જાડા થરથી ઢંકાયેલો હતો. એમાં મારા જોડા ડૂબી જતા. બાજુમાં પગદંડી કોરી કાઢેલી. વીસમી સદીના સુધારાના સ્પર્શથી બધું મુક્ત હતું. ધોળેલાં ઘરને થાંભલાવાળાં છાપરાનાં પ્રવેશદ્વાર તથા ખુલ્લાં આંગણાં હતાં. મારા ઘરની અંદરના ભાગમાં લાદીવાળો ચોક અને એની આજુબાજુ કઠેરો હતો. જૂના કૂવામાંથી પાણી ડોલ દ્વારા કાઢવું પડતું હતું.

એ વિસ્તારમાં આવેલી બે ત્રણ શેરીઓને છોડીને દૂર જવાથી જે સુંદર દૃશ્યો જોવા મળતાં તે અનેરો આનંદ પૂરો પાડતાં. તપાસ કરતાં ખબર પડી કે અડિયાર નદી તો ફક્ત અડધા કલાકથી પણ ઓછા વખતમાં પગપાળા પહોંચી શકાય તેટલી નજીક છે. એની પાસે કેટલાંક છાયાવાળાં તાડનાં વૃક્ષો હતાં. તે ઘણાં જ સુંદર દેખાતાં. હું મારો નવરાશનો વખત એમની વચ્ચે

આંટાફેરા કરવામાં અથવા મંદ રીતે વહેતા પાણીને કાંઠે કાંઠે થોડાક માઇલ ચાલવામાં વ્યતીત કરતો.

શહેરની દક્ષિણ સીમા નક્કી કરનારી અડિયાર નદી મદ્રાસમાંથી વહીને સમુદ્રનાં ઉપર અને નીચે ઊઠતા અનંત મોજાંમાં મળી જતી. એક સવારે એ સુંદર જલપ્રવાહ પાસે મારી રસવૃત્તિ જાણનારા એક બ્રાહ્મણ સાથે હું ધીમે પગલે ચાલતો હતો. થોડાક વખત પછી એણે ઓચિંતો મારો હાથ પકડયો ને કહ્યું : 'જુઓ. આપણી તરફ આવી રહેલા પેલા યુવાનને જોઇ શકો છો? એ યોગી તરીકે ઓળખાય છે. એ તમને રસ પૂરો પાડશે, પરંતુ અમારી સાથે તો એ કદીય વાત નથી કરતા.'

'કારણ?'

'એમના નિવાસસ્થાનની મને ખબર છે. પણ આખાય વિસ્તારમાં એ સૌથી વધારે એકાંતિક સ્વભાવના માણસ છે.'

એટલામાં તો પેલા અજાણ્યા પુરુષ અમારી પાસે આવી પહોંચ્યા. એમનું શરીર પહેલવાન જેવું હતું. એમની ઉંમર આશરે પાંત્રીસ જેટલી લાગી. કદ મધ્યમ કરતાં જરાક વધારે હતું. એમના હબસીને મળતા આવતા મુખને જોઇ મને અત્યંત આશ્ચર્ય થયું. કાળી મેશ જેવી ચામડી, પહોળું સપાટ નાક, જાડા હોઠ અને માંસલ કાયા પરથી જણાતું કે એમનું લોહી અનાર્ય છે. એમના લાંબા સારી રીતે ઓળેલા વાળ મસ્તકની આજુબાજુ એકઠા થયા હતા. એમણે એક વિશિષ્ટ પ્રકારનું એરિંગ પહેર્યું હતું. શરીરે વીંટેલી સફેદ શાલ એમના ડાબા ખભાની ઉપર પથરાયેલી હતી. પગ ખુલ્લા હતા તથા એમના પર કોઇ કપડું પણ નહોતું વીંટેલું.

અમારા તરફ જરીક પણ ધ્યાન આપ્યા વિના એ ધીમે પગલે



આગળ ચાલ્યા. ધરતીમાં કશુંક ઢૂંઢવા માગતી હોય એવી રીતે એમની આંખ નીચે નમેલી હતી. એવું લાગતું કે એ આંખની પાછળનું મન કોઇક વિષયનો ઊંડો વિચાર કરી રહ્યું છે. મને થયું કે ચાલતાં ચાલતાં એ શેનું ધ્યાન ધરી રહ્યા હશે?

એમને જોઇને મારી જિજ્ઞાસા તથા રસવૃત્તિ વધી પડી. અમને અલગ કરનારી વાડને તોડી નાંખવાની ઉત્કટ ઇચ્છાએ મારા પર કાબૂ મેળવ્યો.

'મારે એમની સાથે વાત કરવી છે. આપણે પાછા ફરીએ.' મેં સૂચવ્યું.

બ્રાહ્મણે સખત વિરોધ કર્યો.

'એનો કંઇ અર્થ નથી.'

'હું કોશિશ તો કરી જોઉં.' મેં ઉત્તર આપ્યો.

બ્રાહ્મણે મને ફરીવાર સમજાવવાનો પ્રયાસ કર્યો.

'એમની પાસે પહોંચવાનું એટલું બધું અઘરું છે કે અમે એમને વિશે ભાગ્યે જ કશું જાણી શક્યા છીએ. પોતાના પડોશીઓથી પણ એ અલગ રહે છે. આપણે એમની વૃત્તિમાં વિક્ષેપરૂપ ન થવું જોઇએ.'

છતાં મેં એ નામી યોગીની દિશામાં ચાલવા માંડયું. એટલે મારા સાથીદારે માટે મારું અનુકરણ કરવા સિવાય બીજો કોઇ રસ્તો ન રહ્યો.

અમે એ યોગીની પાસે જઇ પહોંચ્યા. અમારી હાજરીની જરા પણ જાણ ન હોય તેમ એ ધીમે પગલે આગળ વધતા ગયા. અમે પણ એમની પાછળ પાછળ ચાલવા માંડયું.

'હું તેમની સાથે વાતચીત કરી શકું કે કેમ તે જરા પૂછી જુઓ' મેં મારા સાથીદારને કહ્યું. એ અટક્યા અને પછી માથું હલાવીને ધીમે સ્વરે બોલ્યા : 'ના. મારાથી એવું નહિ પૂછાય.'

એક કીમતી સમાગમને ખોઇ બેસવાની દુઃખદ શક્યતાએ મને વધારે પ્રયત્ન કરવા પ્રેરિત કર્યો. યોગીએ મારે પોતે જ બોલાવવા એ સિવાય બીજો કોઇ વિકલ્પ નહોતો. હિંદુ અથવા અંગ્રેજ તરીકેની બધી જ રીતભાત કોરે રાખીને હું એમના માર્ગમાં એમની આગળ ઊભો રહ્યો. હિંદીના નાના ભંડારમાંથી મેં એક ટૂંકુ વાક્ય બોલી બતાવ્યું. એમણે ઉપર જોયું. એમના મોઢા પર સ્મિતની રેખા ફરી વળી, પરંતુ મસ્તકની મદદથી એમણે નકારાત્મક સંકેત કર્યો.

એ વખતે મદ્રાસની લોકભાષા તામિલનો એક જ શબ્દ હું જાણતો હતો, અને યોગીને અંગ્રેજીનું એથીય ઓછું જ્ઞાન હતું એમાં શંકા નહોતી. દક્ષિણમાં બહુ ઓછા લોકો હિંદીનું જ્ઞાન ધરાવે છે એની મને માહિતી નહોતી. સદ્ભાગ્યે બ્રાહ્મણને લાગ્યું કે એ દશામાં મને એકલો ન મૂકવો જોઇએ. એટલે એ મારી મદદે આવ્યા.

એમણે ઉતાવળા, ક્ષમા માગતા સ્વરમાં તામિલમાં કાંઇક કહેવા માંડયું.

યોગીએ ઉત્તર ના આપ્યો. એમની મુખાકૃતિ ગંભીર થઇ, આંખ શુષ્ક તથા પ્રતિકૂળ બની ગઇ.

બ્રાહ્મણે મુશ્કેલીમાં મૂકાયા હોય તેમ મારી તરફ જોવા માંડયું. લાંબા સમય સુધી શાંતિ રહી. બંનેમાંથી કોઇને ન સમજાયું કે શું કરવું ! મને સખેદ સમજાયું કે યોગીઓને બોલતા કરવાનું કામ



કેટલું બધું કપરું છે. એમની મુલાકાત લેવામાં આવે તે એમને નથી ગમતું અને પોતાના અંગત અનુભવો વિષે બીજાની સાથે વાત કરવાનું પણ તેમને પસંદ નથી પડતું. યોગ સંબંધી સહાનુભૂતિ કે સમજ ન ધરાવનારા ટોપાવાળા અંગ્રેજ માટે પોતાની ઊંડી શાંતિનો ભંગ કરવાનું કોઇ કહે તો તે તેમને નથી ગમતું.

એ લાગણીની સાથે એક બીજી લાગણી પણ ઉત્પન્ન થઇ. મેં આશ્ચર્યવશ થઇને અનુભવ્યું કે યોગી મારું બારીક નિરીક્ષણ કરી રહ્યા છે. મારા પર એવી છાપ પડી કે મારી અંદરના વિચારોને એ માનસિક રીતે તપાસી રહ્યા છે. છતાં, બહારથી જોતાં એ અલિપ્ત અને ઉદાસીન દેખાતા. એ બાબતમાં મારી ભૂલ તો નહોતી થતી ને?

અંબાજીમાં ક્યાં ઉતરશો?
"સ્વર્ગારોહણ"
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. (ઉ. ગુ.) ૩૮૫૧૧૦
એસ. ટી. ડી. ૦૨૭૪૯/ ટે. નં. ૬૨૨૬૯

રામકૃષ્ણ પરમહંસની

# આધ્યાત્મિક દૃષ્ટિ વિચારણા–(૩)

(ગતાંકથી આગળ) ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

## સિદ્ધાવસ્થા ને ભગવાન

સિદ્ધાવસ્થામાં જીવનો સ્વભાવ બાળકના જેવો હોય છે. સાધુ–ભક્તોની માફક બાળકના સ્વભાવમાં ઘણી સરળતા હોય છે. બાળક સત્ત્વ, રજ યા તમ એ ત્રણે ગુણોમાંથી કોઈને ય વશ રહેતો નથી. બાળકના સ્વભાવમાં આવા પ્રકારની સરલતા આદિ તત્ત્વોનું હોવું એ માતાના ગર્ભમાં એના યોગીની અવસ્થામાં રહેવાનો ખ્યાલ આપે છે.

જેમ દૂધ ક્યારેક માખણના રૂપમાં દેખાય છે, તો તે ક્યારેક દહીંના રૂપમાં, ક્યારેક મલાઈના રૂપમાં તો ક્યારેક રાબ કે ઘીના રૂપમાં હોય છે. એને તમે દહીં કહો યા માખણ યા ઘી, પણ એ આખરે તો દૂધની જ જુદી જુદી અવસ્થાઓ છે, ને તફાવત હોય છે રૂપમાં ને સ્વાદમાં. બરાબર એ જ રીતે ભગવાન ચાહે ગમે તે રીતે કે સ્વરૂપે આવે તોપણ એની ભીતરમાં તો એ જ પરબ્રહ્મ હોય છે. ભલે તે પછી કાલીમાતા, કૃષ્ણ, રામ, શંકર, રાધા, સીતા-ના આકારમાં કે નિરાકારમાં આવ્યા હોય, જેમ એક જ વ્યક્તિ અભિનેતા તરીકે જુદાં જુદાં નાટકોમાં રાજા, પ્રધાન, સેનાપતિ કે કેદીનો પાઠ કરતી હોય છે તેમ ભગવાન જુદાં જુદાં રૂપો ધરે છે. ભગવાન આ રીતે એકાધારમાં ય અનંત છે અને અનંત આધારમાં ય અનંત છે. જે અદ્વૈત છે તે જ દ્વૈત છે. દ્વૈત ને અદ્વૈત એ બંને એકનાં રૂપ છે.

ભગવાનનો ખેલ અદ્ભુત છે અને અનંત પણ, ગમે તેટલો



સમય એ તમે જોયા કરો તો ય તે અનંત લાગશે. જેમ મહા-સાગરને તમે જેટલો વ્યાપક જુઓ તેટલી તેની વિશાળતા જોઈને દંગ થઈ જશો તેમ જ ભગવાનના ખેલને કોઈ ગમે તેટલી વ્યાપક રીતે જોશે તેટલી તેના સ્વરૂપ–આકારમાં અધિકતા દેખાશે. જેમ એ આકારમાં અનંત છે તેમ પ્રકારમાં ય તે અનંત છે. ને માનવની બુદ્ધિમાં અનંત વસ્તુનો ખ્યાલ આવી શકતો નથી, એ તો અનંતના અભ્યાસથી જ મુગ્ધ થઈ મદહોશ થઈ જશે. એ આકાર, રૂપ, ભાવ, રસ, ગંધ, શબ્દ, સ્પર્શ આદિ બધી બાબતોમાં અનંત છે ને વળી તે ખંડ ને અખંડ પણ છે. એની અનંતતા બધી અવસ્થાઓમાં હોય છે. જેમ તે અનંતના રૂપમાં અનંત છે તેમ સીમિત ખંડના રૂપમાં ય તે એ જ રીતે અનંત છે. એને ઉપમા ગંગાજળની આપી શકાય. હિમાલયથી માંડીને બંગાળના ઉપ-સાગર સુધી વહેતી એ ભાગીરથીના સમગ્ર જળનો જે પાવન મહિમા છે, એ જ પાવન મહિમા એના પ્રત્યેક જળબિંદુનો હોય છે, પછી તે ગમે તે સ્થળનું હોય, એ જ રીતે આકારમાં સીમિત હોવા છતાં એમાં ભગવાનની અનંતતા, અખંડતા ને સર્વ શક્તિ-મતામાં કોઈ ઓછપ નથી હોતી. જે જગજ્જનની વિશ્વવાસિની છે તે જ પાછી બિંદુવાસિની છે. વિશ્વવાસિની અવસ્થઆમાં તે જેવી છે તેવી જ બિંદુવાસિની અવસ્થામાં ય હોય છે. લીલામયી કદી દિગંબર તો કદી વસ્ત્રધારિણી છે. બધી અવસ્થાઓમાં તે નાટકના અદાકારની જેમ એક જ છે. તે ભલે ગમે તે વેશ યા રૂપ લે, એનું નિજત્વ બધાં રૂપો ને વેશોમાં સમાન હોય છે એનું પ્રત્યક્ષ દર્શન એ જ સાધકો–ભક્તો માટે ઉપલબ્ધ કરવાની વસ્તુ છે. એ કંઈ પુસ્તકિયા જ્ઞાનની કે તર્ક યા વિચારની ચીજ નથી. જે અનંત કે અખંડ છે તે સીમિત કે ખંડયુક્ત ન હોઈ શકે. એમ કહેવું એ તેના અનંતત્વને બદ્ધ કરવા જેવું છે.

સાકાર ઉપાસનાનો વિરોધ કરવો એમાં ઘોર અજ્ઞાનતા રહેલી

છે. કૂટ તર્કો કે વિચારબુદ્ધિથી ભગવાનના સાકારવાદનો વિરોધ કરવો નિરર્થક છે. એમ કરવું એ સંશયની પરમ અવસ્થા છે, એવો સંશય જાગે તો ગુરુચરણે જઇ તેનું સમાધાન કરવું શ્રેયસ્કર છે. ગુરુનાં વચનોમાં શ્રદ્ધા–વિશ્વાસ એ જ સંદેહરૂપી વિષવૃક્ષને માટે કુહાડી મારવા બરાબર છે. ગુરુચરણોમાં શરણે જનાર આવા સંદેહને ભવવ્યાધિ કહે છે. સંદેહ ઘોર અંધકારરૂપ છે, જે ભગવાનને જીવની આંખોથી પરોક્ષ લઇ જાય છે. સદ્ગુરુના સંસર્ગથી ને એમની કૃપાથી આવો મલિન સંદેહ સૂર્યોદયથી નષ્ટ થતા અંધારની જેમ નાશ પામે છે.

## યોગી ને જ્ઞાની

યોગી અને જ્ઞાનીની રુચિ એકાંગી હોય છે. એ બંને ભગવાનનો આનંદ એક જ પ્રકારે પ્રાપ્ત કરે છે. પણ ભક્ત વિવિધ પ્રકારે ભગવાનના રસાસ્વાદનનો આનંદ લેતો હોય છે. આ વાત શરણાઇ વગાડવાની એક ઉપમાથી સમજાવી શકાય. જે લોકો શરણાઇ વગાડે છે તે પૈકી બેના હાથમાં શરણાઇ રહે છે. એમાંનો એક માત્ર 'પો' વગાડતો સૂર કાઢ્યા કરે છે અને બીજી વ્યક્તિ વિવિધ રાગરાગિણી વગાડે છે. અહીં પણ એવું છે, જ્ઞાની અને યોગીનું માત્ર એક જાતનું આસ્વાદન હોય છે, પણ ભક્ત તો તીખો, રસીલો, ખાટો અને મોળો એમ બધા પ્રકારના રસનું આસ્વાદન કરતો હોય છે. એવું ન વિચારો કે ભગવાન માત્ર પોતાનું સાકાર રૂપ જ ભક્તને બતાવે છે. એવું નથી કે તે અન્ય બીજા નથી બતાવતા, એ એ પણ બતાવે છે કે ખુદ જ જીવ–જગતના રૂપમાં પરિણત થયા છે, એ ખુદ પંચભૂતાદિ ચોવીસ તત્ત્વ બન્યા છે, એ ખુદ જ જીવ–જગતમાં આત્માના રૂપમાં વિરાજે છે. પછી એ પણ જણાવે છે કે એમનો એ સિવાય પણ એક નિરાકાર ભાવ છે. જ્ઞાની ને યોગીને ભક્તની જેમ વિવિધ ભાવનો ખ્યાલ આવતો નથી, ભક્ત તો ભગવાનની બધી



અવસ્થાઓ અવગત કરી લે છે. એક વાર ભગવાન રામચંદ્રજીએ હનુમાનજીને પૂછ્યું : "હનુમાન, તું મને કયારૂપે જુએ છે?" હનુમાનજીએ જવાબમાં કહ્યું : "પ્રભુ, ક્યારેક હું જોઉં છું કે આપ પ્રભુ–સ્વામી છો ને હું દાસ છું. ક્યારેક આપ બૃહદ્ અગ્નિ છો ને હું ચિનગારી છું અને ક્યારેક તમારા ને મારામાં કોઇ તફાવત દેખાતો નથી." હનુમાનજીએ રામચંદ્રજીને બધા ભાવ બતાવ્યા હતા, પણ તેઓ બીજા ભાવો તરફ ધ્યાન ન દેતા માત્ર સેવ્ય ને સેવક ભાવમાં જ રહ્યા. ભક્તિભાવની મધુરતા એક વાર જો કોઇ અનુભવે તો તે બીજો કોઇ અનુભવ લેવા ઇચ્છતો નથી, દેવર્ષિ નારદનો પણ એવો જ ભાવ છે. જ્ઞાની અને યોગીની સરખામણીમાં ભક્તની તકલીફ કંઇ અધિક છે, પણ ભક્તોની જાત એવી છે કે ભક્તિના લોભમાં એ જાણી જોઇને બધી તકલીફ–વ્યથાઓને પોતાના શરીરના અલંકારરૂપ ગણે છે, ઉદ્ધવ વૃંદાવનમાં ગોપીઓને યોગતત્ત્વ સમજાવવા લાગ્યા, પણ કોઇએ એમની વાત ધ્યાનમાં ન લીધી. કૃષ્ણ–વિરહમાં શરીર કૃશ થયેલું, શરીર નિસ્તેજ પણ થયેલું, રડતા રડતા નેત્રોનું તેજ ઘટેલું છતાંય કોઇએ એમના તરફ નજર પણ ન કરી, જેમ ખાંડ ચાખ્યા પછી રાબ ખાવાનું મન થતું નથી તેમ એક વાર જેમણે ભગવાનના રૂપમાધુર્યનો આનંદ લીધો છે તેઓ મરી જાય તો ય બીજી તરફ જોવા ઇચ્છતા નથી, વ્રજના એ ભાવની બલિહારી જ અનેરી છે—યોગનો આનંદ ને બ્રહ્માનંદ એ સઘળું એની સમક્ષ ફીક્કું છે.

યોગાનંદ બ્રહ્માનંદ ક્યા આનંદ કિસમેં?
જો આનંદ ગોપી કે એક બિંદુ જલમેં.

## પ્રભુ નામસ્મરણ મહિમા

પ્રભુ નામસ્મરણ–જપનો અપાર મહિમા છે. નામ જ બીજ છે, નામ જ વૃક્ષ છે અને નામ જ ફળ છે. નામની અંદર

ભગવાન ખુદ હોય છે. જે સમાધિ જન્મ–જન્મની વિવિધ સાધનાઓનું ફ્લ છે ને પ્રભુ નામ–જપના બળે મળી શકે છે. એક વૈષ્ણવ સાધુ "ગૌર મેરા મત્ત હાથી" ધૂનથી કીર્તન શરૂ કરતો. પછી ધીરે ધીરે એમ બોલતાં ભાવોન્મત્તતા થઇ. એટલે ગૌર શબ્દ છૂટી ગયો. એ પછી વધુ ભાવ પ્રબળતા થયે બાકીના શબ્દોમાંથી 'મેરા' શબ્દ છૂટી ગયો, ત્યારબાદ ભાવ વધુ ગાઢ થતાં 'મત્ત' શબ્દ પણ છૂટી ગયો ને છેવટે અતિ ગાઢ ઉચ્ચ ભાવદશા થવાને પરિણામે ઉચ્ચરિત 'હાથી' માનો 'થી' અક્ષર છૂટી ગયો ને તે બ્રહ્મજ્ઞાન શૂન્ય શાંત થઇ સમાધિસ્થ થઇ ગયો. આવી નામ–રટણ કીર્તન ભક્તિને નારદીય ભક્તિ ગણી શકાય, કળિયુગમાં આ નામભક્તિ શ્રેષ્ઠ છે.

કાલી કિયા ભરોસા મૈંને તુમ્હારે નામકા,
કામ ક્યા મુઝે વિધિ વિધાની ઔર લોકાચારિકા?
નામસે કટતા ફંદા કાલકા,
સૂના યહ વચન હૈ મહાકાલકા;
મૈં હૂં બંદા ઉસી મહાકાલકા,
ઇસલિયે કરતા નહીં ખ્યાલ કિસી ઔર કા.

આવો છે પ્રભુ નામસ્મરણ મહિમા. તમે ગીતા નહિ વાંચી હોય, વેદાંત–સાંખ્યદર્શનનું અધ્યયન નહિ કર્યું હોય, પાંચ તપ નહિ કર્યાં હોય, ચાર તીર્થધામની યાત્રા નહિ કરી હોય જપ–ધ્યાન નહિ કર્યાં હોય, સંન્યાસ નહિ લીધો હોય, ઘર નહિ છોડયું હોય, વ્રતનિયમ દૃઢપણે નહિ પાળ્યા હોય તોપણ જો પ્રભુ નામસ્મરણ–જપ કર્યા હશે તો તમારો ભવપાર કરવાનો બેડો પાર થઇ જશે. એક દિવસ જરૂર ઈશ્વર મળશે જ. દરેક ધર્મ સાચો છે."

(સંપૂર્ણ)



# રામકથા

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'સમુદ્રને પાર કરીને આ બાજુ પડાવ પણ નાંખી દીધો?'

'હા.'

'શા માટે?'

'રામ પત્ની સીતાને છોડાવવા માટે. રામ તથા સુગ્રીવની સાથે વાનરોની ઘણી મોટી સેના છે. એમણે મને કહેવા મોકલ્યો છે કે તું સીતાને છોડી દે.'

'સીતાને છોડી દઉં?'

'હા. સીતાને છોડી દેવાનું તારા હિતમાં છે. હજુ પણ એ હિતને સાધી લેવાનો સમય છે. કારણ કે હવે વખત થોડો જ છે અને એટલા વખતમાં કાંઇ નહિ થાય તો યુદ્ધની ભયંકર જ્વાળા ચારે તરફ સળગી ઊઠશે.'

રાવણે કહ્યું : 'હું યુદ્ધથી નથી ડરતો. યુદ્ધ મારે માટે કોઇ નવી વસ્તુ નથી. મેં જીવનમાં અનેકવાર યુદ્ધો કરી લીધાં છે. એવી રીતે એકવાર ફરી યુદ્ધ થાય તો ભલે થતું. પરંતુ સીતાને તો કોઇયે સંજોગોમાં નહિ છોડું. રામ અને સુગ્રીવ તથા વાનર-સેનાની વિસાત મારે મન કશી જ નથી. એમનો સર્વનાશ પાસે આવ્યો હોય તો એ ભલે યુદ્ધ કરી લે.'

'સર્વનાશ તો એમનો નથી આવ્યો પણ તારો આવી પહોંચ્યો છે.' અંગદે ઉત્તેજીત થઇને કહેવા માંડયું : 'એટલે તને તારા

માથા પર મૃત્યુ ભમી રહ્યું છે તોપણ તારા હિતની વાત નથી સૂઝતી. રામ, સુગ્રીવ અને વાનરસેનાની વિસાત તારે મન ભલે કશી ન હોય, પણ એ લંકાને ઉજ્જડ કરી દેશે તેમ જ તારા મદને પણ ઉતારશે.'

'મારા મદને ઉતારનારું આજસુધી સંસારમાં કોઇ જ નથી પાક્યું.'

'એ તો તું કહે છે ને? એ તારું અજ્ઞાન છે. થોડા જ વખતમાં તારી ખાતરી થશે ને જગત આખું જાણશે કે રામે તારો મદ ઉતારી દીધો.'

'વાનર, તું વધારે પડતું બોલે છે.'

'વધારે પડતું નથી બોલતો પરંતુ જે સાચું છે તે જ બોલી રહ્યો છું.'

'એનો દંડ તને હમણાં જ આપી રહ્યો છું. અરે, કોઇ છે કે? આ વાનરને કેદ કરો!'

રાવણની આજ્ઞા સાંભળીને બેત્રણ યોદ્ધાઓ દોડી આવ્યા અને અંગદને પકડવાનો પ્રયાસ કરવા લાગ્યા.

અંગદે એમને મુક્કા તથા લાતના પ્રહારથી બેશુદ્ધ બનાવી દીધા અને પોતાના માર્ગમાં આવનારા બીજાની પણ એવી જ દુર્દશા કરીને એ બહાર નીકળ્યો.

જતાં જતાં એ કહેતો ગયો : 'રામ તથા સુગ્રીવના દૂતને કેદ કરવાનો તારો પ્રયાસ નકામો ગયો તેવી રીતે યુદ્ધ કરીને જીતવાનો પ્રયાસ પણ નિષ્ફળ જશે. રામ તથા સુગ્રીવ પોતાના સાહાયકો સાથે તારો સેનાસહિત નાશ કરીને સીતાને મુક્ત કરશે.'

એ જ વખતે મંદોદરી અશોકવાટિકામાં સીતાને હિંમત



આપતાં કહેવા માંડી : 'રામ તને જરૂર મુક્ત કરશે. એ માટે શક્યતા દિનપ્રતિદિન વધતી જાય છે. તને જાણીને સાચેસાચ આનંદ થશે કે રામે વાનરસેનાની મદદથી સાગર પર સેતુ બાંધ્યો છે.'

'રામે સાગર પર સેતુ બાંધી દીધો?' સીતાના મુખમાંથી આશ્ચર્યોદ્ગાર નીકળી પડયા : 'એ હકીકત સાચી હોય તો ભારે ઉલ્લાસજનક કહેવાય.'

'એ સમાચાર સાંભળીને મને રોમાંચ થાય છે.'

'થાય જ. મારી દશા પણ એવી જ થયેલી. સાગર પર બંધાયેલા એ સેતુ પરથી પસાર થઇને વાનરોની વિશાળ સેના સાથે રામ અને લક્ષ્મણ લંકાની નજીકમાં ઉતર્યા'છે. એ સમાચાર મને ખૂબ જ વિશ્વસ્ત સૂત્રો મારફત પ્રાપ્ત થયા છે.'

સીતા એ સાંભળીને શાંત રહી એટલે મંદોદરી આગળ બોલી : 'મને તો લાગે છે કે, સાગર પરનો એ સેતુ તારા અને રામના વિરહી દિલને ફરીવાર જોડનારો અથવા એક કરનારો સેતુ થઇ પડશે. લંકાપતિને મેં ઘણું ય સમજાવી જોયા. હજુ પણ સમજાવી જોઇશ. છતાં પણ એ નહિ માને તો જે ભયંકર યુદ્ધ ફાટી નીકળશે તેમાં લંકાનો નાશ થશે. એ વિનાશને ટાળવા માટે મારાથી બનતું બધું જ કરી છૂટું છું તોપણ મને એમાં આજસુધી તો સફળતા નથી મળી. જે થવાનું છે તે થઇને જ રહેશે એમ લાગ્યા કરે છે. લંકાપતિ પોતાના મદને લીધે હઠને નથી છોડી શકતા અને એના પરિણામનો વિચાર પણ નથી કરતા.'

સીતા સાગરની અને એના પર બંધાયેલા સેતુની કલ્પના કરવા લાગી.

'સાગર પર સેતુ બાંધવો એ તો અત્યંત આશ્ચર્યકારક કામ કહેવાય.' એણે કહ્યું : 'પરંતુ રામે એમના જીવનમાં એવા અનેક આશ્ચર્યકારક કામ કરી બતાવ્યાં છે. હવે મારું મન આશા તથા શ્રદ્ધાથી ભરાઇ ગયું. હવે મને પ્રતીતિ થઇ કે મારી મુક્તિ થશે ખરી. રામને મળવા માટે મારા આતુર થયેલા મનને હવે કદાચ શાંતિ મળી શકશે. એમને મળ્યે કેટલો બધો લાંબો વખત વીતી ગયો? મારું અંતર અને અંગેઅંગ એમને મળવા માટે અધીરું બન્યું છે. તેં મને જે સમાચાર આપ્યા તેથી મને થોડીક નિરાંત થઇ ને શાંતિ મળી છે. તેને માટે તારો આભાર માનું છું. તારો ઉપકાર કદી પણ નહિ ભૂલી શકું. તેં મારા હતાશ થયેલા હૈયાને હસતું કરવા તારાથી બનતું બધું જ કરી જોયું છે.'

મંદોદરી એનો હાથ પકડીને બોલી : 'મેં તો એક માયાળુ બહેન તરીકે તારા પ્રત્યેની મારી ફરજ જ બજાવી છે. એથી વિશેષ એવું કશું જ નથી કર્યું જેથી તારે મારો આભાર કે ઉપકાર માનવાનો હોય. તારા પ્રત્યે કોણ જાણે કેમ પણ મને પુષ્કળ પ્રેમ અને ઊંડી લાગણી થયા કરે છે. એથી પ્રેરાઇને જ હું તારી પાસે આવ્યા કરું છું. રામ તને મળશે ત્યારે તને તો આનંદ થશે જ, પરંતુ મને પણ ઓછો આનંદ નહિ થાય. એ દિવસ મારા જીવનનો એક પરમ ધન્ય દિવસ થઇ પડશે. મને તારે માટે એવી મમતા છે.'

સીતા એ શબ્દો સાંભળીને સુખાનુભવ કરવા લાગી અને મમતાની એ મહાદેવીને મધુરભાવે જોઇ રહી.

(ક્રમશઃ)